MANOGAT • Year 40 • Issue 24 • 25 March 2022 • Fagan Vad 8, Samvat 2078 • Yugabd 5123 • Price : Rs. 5/- • Pages : 28



૬ એપ્રીલ
ભાજપ સ્થાપના દિન

# મનોગત



# એકાત્મ ગુજરાત દર્શન

# રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદજીનું ગુજરાત વિધાનસભામાં અભૂતપૂર્વ સંબોધન

## આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી કરવા માટે ગુજરાત કરતાં વધુ સારી જગ્યા કોઈ નથી - રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદજી




રાષ્ટ્રપતિએ કહ્યું કે સરદાર પટેલે સ્વતંત્ર ભારતને તેનું એકીકૃત સ્વરૂપ આપ્યું અને વહીવટનો પાયો મજબૂત કર્યો. નર્મદાકિનારે તેમની પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી', જે વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા છે, તે તેમની સ્મૃતિમાં કૃતજ્ઞ રાષ્ટ્ર તરફથી માત્ર એક નાનકડી ભેટ છે. ભારતના લોકોના હૃદયમાં તેમનું કદ તેનાથી પણ વધારે ઊંચું છે.

રાષ્ટ્રપતિએ કહ્યું કે, ગુજરાતે રાજકારણ ઉપરાંત સાંસ્કૃતિક, સામાજિક અને આર્થિક ક્ષેત્રે પણ મહત્વની ભૂમિકા ભજવી છે. નરસિંહ મહેતાની આ ભૂમિ પર આધ્યાત્મિકતાનો ઘણો પ્રભાવ રહ્યો છે. તેમનું ભજન 'વૈષ્ણવ જન તો તને કહીએ, જે પીડ પરાઈ જાણે રે' આપણા સ્વાતંત્ર્ય સંગ્રામનું ગીત બની ગયું. તેણે ભારતીય સંસ્કૃતિના માનવતાવાદનો પણ પ્રસાર કર્યો હતો. રાષ્ટ્રપતિએ કહ્યું કે, ગુજરાતની પ્રજાની ઉદારતા એ ભારતીય સંસ્કૃતિનું મુખ્ય લક્ષણ છે. પ્રાચીનકાળથી આ પ્રદેશમાં તમામ સંપ્રદાયો અને સમુદાયોના લોકો ભાઈચારાથી આગળ વધતા રહ્યા છે.

વર્ષ ૧૯૬૦માં રાજ્યની સ્થાપના થયા બાદ ગુજરાત ઔદ્યોગિક એકમો અને નવીનીકરણ દ્વારા વિકાસના પંથે અગ્રેસર રહ્યું છે. તેમણે કહ્યું કે, ગુજરાતની ધરતી પર શરૂ થયેલી શ્વેતક્રાંતિએ પોષણ ક્ષેત્રે ક્રાંતિકારી પરિવર્તન કર્યું છે. આજે ભારત દૂધના કુલ ઉત્પાદન અને વપરાશની દૃષ્ટિએ વિશ્વમાં પ્રથમ સ્થાન ધરાવે છે. આ સફળતાનું શ્રેય ગુજરાતની દૂધ સહકારી મંડળીઓને જાય છે. તેમણે કહ્યું કે ગુજરાતની સહકારી મંડળીઓની સંસ્કૃતિની સફળતાનો લાભ સમગ્ર દેશમાં પહોંચાડવાના હેતુથી ભારત સરકારે કેન્દ્રીય સહકારી મંત્રાલયની રચના કરી છે.


રાષ્ટ્રપતિએ કહ્યું કે ગુજરાત વિધાનસભાએ આ રાજ્યના સર્વાંગી વિકાસ માટે ઘણાં ક્રાંતિકારી પગલાં લીધાં હતાં. ગુજરાત પંચાયત વિધેયક, ૧૯૬૧ અને ગુજરાત ફરજિયાત પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૬૧ દ્વારા અનુક્રમે સ્થાનિક સ્વરાજ્ય અને શિક્ષણના ક્ષેત્રમાં પ્રગતિશીલ પ્રણાલીની સ્થાપના કરવામાં આવી હોવાની વાત પણ તેમણે કરી હતી. તેમણે કહ્યું કે ગુજરાત એકમાત્ર એવું રાજ્ય છે કે જ્યાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં રોકાણ અને વિકાસને પ્રોત્સાહન આપવા માટે ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ ઍક્ટ, ૧૯૯૯ વિધાનસભા દ્વારા પસાર કરવામાં આવ્યો હતો. ભવિષ્યલક્ષી કાયદાઓ બનાવવાની દિશામાં આ વિધાનસભા દ્વારા પસાર કરાયેલ ગુજરાત ઓર્ગેનિક એગ્રીકલ્ચરલ યુનિવર્સિટી ઍક્ટ, ૨૦૧૭ પણ નોંધનીય છે. તેમણે ગુજરાતની બહુઆયામી પ્રગતિમાં ગુજરાતની વર્તમાન અને અગાઉની સરકારો તેમજ ગુજરાત વિધાનસભાના વર્તમાન અને ભૂતકાળના સભ્યોના યોગદાન બદલ પ્રશંસા કરી હતી.

રાષ્ટ્રપતિએ વધુમાં જણાવ્યું કે, છેલ્લા કેટલાક સમયથી ગુજરાતના વિકાસ મોડલને એક ઉદાહરણ તરીકે જોવામાં આવી રહ્યું છે, જે દેશના કોઈપણ પ્રદેશ અને રાજ્યમાં લાગુ કરી શકાય છે. સાબરમતી રિવરફ્રન્ટ શહેરી પરિવર્તનનું એક મુખ્ય ઉદાહરણ છે. અહીંયા પર્યાવરણને સુરક્ષિત રાખીને સાબરમતી અને તેના રહેવાસીઓ વચ્ચેના સંબંધોને નવો આયામ આપવામાં આવ્યો છે. નદીકિનારે વસેલા દેશના અન્ય તમામ શહેરો માટે આ એક સારું ઉદાહરણ બની શકે છે.

રાષ્ટ્રપતિએ કહ્યું કે આપણે આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી કરી રહ્યા છીએ ત્યારે આપણા સ્વાતંત્ર્ય સેનાનીઓને યાદ કરીને દેશના ઉજ્જવળ ભવિષ્ય માટે પગલાં ભરવાની આપણી ફરજ છે, જેથી વર્ષ ૨૦૪૭માં જ્યારે ભારત તેની શતાબ્દીની ઉજવણી કરી રહ્યું હોય, ત્યારે તે સમયની પેઢી તેમના દેશ પર ગર્વ અનુભવશે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે ભારત સરકાર, રાજ્ય સરકારો અને દેશના નાગરિકો ભારતના શતાબ્દી વર્ષને સુવર્ણયુગ બનાવવાના ઉદ્દેશ્ય સાથે વિકાસના પંથે આગળ વધવાનું ચાલુ રાખશે.



Year : 40, Issue : 24, Pages : 28



## તંત્રીસ્થાનેથી

# ૬ એપ્રિલ ભાજપ સ્થાપનાદિન

પ્રિય કાર્યકર્તા બંધુ/ભગિની,

નમસ્કાર.

૬ઠ્ઠી એપ્રિલ ભાજપ સ્થાપના દિન.

આજે આપણે સૌ આપણા નેતૃત્વને યાદ કરીએ જેમણે વિચારધારાનું સાચું બીજ રોપીને આ પાર્ટીને આજે વટવૃક્ષ સમાન બનાવી છે.  ભૂતકાળમાં પં. દીનદયાળ ઉપાધ્યાય, ડૉ. શ્યામાપ્રસાદ મુખરજી, શ્રી અટલજી-અડવાણીજી અને વર્તમાનમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વએ સૌને જોડીને - અથાક મહેનત કરીને પક્ષને આ ઊંચાઈએ પહોંચાડ્યો છે. પક્ષનું અને આપણા સૌનું એ ગૌરવ રહ્યું છે કે આપણને આવું અજોડ અને પ્રતિભાવંત નેતૃત્વ સમયે-સમયે સતત મળતું રહ્યું છે.

તાજેતરમાં આવેલા એક સર્વેએ શ્રી નરેન્દ્રભાઈને વિશ્વના સર્વાધિક લોકપ્રિય નેતા ઘોષિત કર્યા છે. કોરોનાકાળમાં અને રશિયા-યુક્રેન યુદ્ધ સમયે પણ માન. શ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વના ગુણોની પ્રશંસા સમગ્ર વિશ્વએ કરી છે.

એક ગુજરાતી તરીકે આપણા માટે તો વિશેષ આનંદ અને ગૌરવની બાબત છે કે શીર્ષસ્થ નેતૃત્વના માર્ગદર્શન હેઠળ આપણને સૌને પક્ષ માટે કામ કરવાની તક મળી છે ત્યારે આવો, આવા સક્ષમ, સફળ અને સાર્થક નેતૃત્વ હેઠળ પક્ષની સાંસ્કૃતિક રાષ્ટ્રવાદની વિચારધારાને જન-જન સુધી પહોંચાડી - જનકલ્યાણના ધ્યેયને પ્રત્યેક પળે ઉજાગર કરતા રહીએ.

વંદે માતરમ્.

- સુરેન્દ્ર પટેલ

પત્રવ્યવહાર કાર્યાલય
**મનોગત પાક્ષિક**
ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ
દીનદયાળ ભવન, જે. પી. ચોક,
ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧
ફોન : ૦૭૯-૨૫૫૦૪૫૨૨
E-mail : manogat.1980@gmail.com

તંત્રી મુદ્રક પ્રકાશક
સુરેન્દ્રભાઈ મોતીલાલ પટેલ ભારતીય જનતા પાર્ટી-ગુજરાત વતી ગુજરાત ઑફસેટ પ્રા. લિ., 'ઑફસેટ હાઉસ' સ્ટેશન રોડ, વટવા, અમદાવાદ-૩૮૨ ૪૪૦ ખાતે છપાવી ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ કાર્યાલય, દીનદયાળ ભવન, જે. પી. ચોક, ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧થી પ્રગટ કર્યું.

**Editor : Printer : Publishers :**
**Surendrabhai Motilal Patel** on behalf of Bharatiya Janta Party-Gujarat Pradesh Printed at **Gujarat Offset Pvt. Ltd.**, 'Offset House', Station Road, Vatva, Ahmedabad and Published from Bharatiya Janta Party-Gujarat Pradesh J. P. Chowk, Khanpur, Ahmedabad-380001



**સરહદે આવેલું એક પર્વતીય રાજ્ય (ઉત્તરાખંડ), દરિયાકિનારે આવેલું રાજ્ય (ગોવા), માતા ગંગાના વિશેષ આશીર્વાદ પ્રાપ્ત કરેલ રાજ્ય (ઉત્તર પ્રદેશ) અને ઉત્તરપૂર્વીય સરહદ પરનું એક રાજ્ય (મણિપુર) - ચારેય દિશાઓમાંથી ભાજપને આશીર્વાદ મળ્યા છે**

# આવો ભવ્ય વિજય ભારતના ઉજ્જવળ ભવિષ્યની ગેરંટી છે જ્ઞાતિની ગરિમા, જ્ઞાતિનું મૂલ્ય દેશને એક કરવા માટે હોવું જોઈએ, તેને તોડવા માટે નહીં - શ્રી નરેન્દ્રભાઈ મોદી



માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીએ નવી દિલ્હીમાં પાર્ટીના કેન્દ્રીય કાર્યાલય ખાતે ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, ગોવા અને મણિપુરમાં ભાજપની ઐતિહાસિક જીત બાદ પાર્ટીના કાર્યકર્તાઓની એક સભાને સંબોધિત કરી હતી અને જીતને જનતાની જીત ગણાવી, લોકતંત્રની જીત ગણાવી હતી.

હું આ ચૂંટણીમાં ભાગ લેનારા તમામ મતદાતાઓને ખૂબ-ખૂબ અભિનંદન આપું છું. **આ પર્વ ભારતના લોકતંત્ર માટે છે.** આપણી માતાઓ, બહેનો અને યુવાનોએ જે રીતે ભાજપને પોતાનો સંપૂર્ણ ટેકો આપ્યો છે તે પોતાનામાં જ એક મોટો સંકેત છે. મને એ વાતનો પણ સંતોષ છે કે ફર્સ્ટ ટાઈમ વોટર્સે મતદાનમાં મોટા પાયે ભાગ લીધો હતો અને ભાજપની જીત સુનિશ્ચિત કરી હતી.

ચૂંટણી દરમિયાન ભાજપના કાર્યકર્તાઓએ મને વચન આપ્યું હતું કે કે આ વખતે હોળી ૧૦ માર્ચથી શરૂ થશે. આપણા કાર્યકરોએ ચારેય રાજ્યોમાં ભાજપનો આ વિજયધ્વજ ફરકાવીને આ વચન પૂર્ણ કર્યું છે. **હું એ તમામ પાર્ટી કાર્યકર્તાઓની ખૂબ-ખૂબ પ્રશંસા કરું છું જેમણે રાત-દિવસ જોયા વગર આ ચૂંટણીમાં કામ કર્યું અને લોકોનો વિશ્વાસ જીતવામાં સફળ રહ્યા.**

હું આપણા રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી જગત પ્રકાશ નડ્ડાજીને પણ અભિનંદન આપું છું, જેમણે આપણા કાર્યકર્તાઓને માર્ગદર્શન આપ્યું અને ભાજપની વિજયયાત્રા સુનિશ્ચિત કરી.

**ઉત્તર પ્રદેશમાં આપણા કાર્યકર્તાઓએ જીતનો ચોગ્ગો લગાવ્યો છે.** ઉત્તર પ્રદેશે દેશને ઘણા વડાપ્રધાન આપ્યા હતા, પરંતુ પાંચ વર્ષની મુદત પૂરી કરવાવાળા કોઈ મુખ્યમંત્રીને ફરીથી ચૂંટવામાં આવે તેવી આ પ્રથમ ઘટના છે. હમણાં જ આપણા રાષ્ટ્રીય અધ્યક્ષે વિસ્તારથી જણાવ્યું છે કે ૩૭ વર્ષ પછી ઉત્તર પ્રદેશમાં સતત બીજી વાર સરકાર સત્તામાં આવી છે. યુપી, ગોવા અને મણિપુર એમ ત્રણ રાજ્યોમાં સરકાર હોવા છતાં ભાજપનો વોટ શેર વધ્યો છે.

ગોવાના તમામ એક્ઝિટ પોલ ખોટા સાબિત થયા અને ગોવાના લોકોએ આપણને ફરીથી સેવા કરવાની તક આપી. **૧૦ વર્ષ સત્તામાં રહ્યા બાદ પણ ગોવામાં ભાજપની સીટો વધી છે.**

ઉત્તરાખંડમાં પણ ભાજપે નવો ઈતિહાસ રચ્યો છે. દેવભૂમિમાં સતત બીજી વખત કોઈ પક્ષ સત્તા પર આવ્યો હોય તેવું પ્રથમ વખત બન્યું છે. **સરહદે આવેલું એક પર્વતીય રાજ્ય (ઉત્તરાખંડ), દરિયાકિનારે આવેલું રાજ્ય (ગોવા), એક માતા ગંગાના વિશેષ આશીર્વાદ પ્રાપ્ત કરેલ રાજ્ય (ઉત્તર પ્રદેશ) અને ઉત્તરપૂર્વીય સરહદ પરનું એક રાજ્ય (મણિપુર) - ચારેય દિશાઓમાંથી ભાજપને આશીર્વાદ મળ્યા છે.** આ રાજ્યોના પડકારો જુદા જુદા છે. દરેકની વિકાસયાત્રાનો માર્ગ પણ જુદો જુદો છે, પરંતુ એક સૂત્ર જે સામાન્ય છે તે છે - ભાજપ પર અપાર વિશ્વાસ, ભાજપની નીતિ, ભાજપના ઈરાદા અને ભાજપના નિર્ણયોમાં અપાર વિશ્વાસ. આ પરિણામો એક રીતે જોઈએ તો ભાજપના ગરીબો તરફી, સક્રિય શાસન પર એક મોટી મહોર છે.

આપણે દેશભરમાં અને જ્યાં-જ્યાં ભાજપની સરકારો છે, ત્યાં ગવર્નન્સ ડિલિવરી સિસ્ટમમાં સુધારો કર્યો છે. હું ગરીબના ઘર સુધી



તેનો પોતાનો અધિકાર પહોંચાડ્યા વગર શાંતિથી બેસવાવાળો માણસ નથી. સરકાર અને ગવર્નેસમાં કેટલી સમસ્યાઓ છે તે હું જાણું છું. દરેક ગરીબ સુધી સરકારની યોજનાઓનો ૧૦૦ ટકા હિસ્સો પહોંચાડવાનો અમે સંકલ્પ કર્યો છે. **જ્યારે પ્રામાણિકતા હોય, ઈરાદો સ્પષ્ટ હોય, ગરીબો પ્રત્યે કરુણા હોય, દેશના કલ્યાણનો મંત્ર હોય, ત્યારે આવી હિંમત જન્મે છે.**

આજે હું ખાસ કરીને મહિલાઓને, બહેનોને, દીકરીઓને વિશેષ રીતે નમન કરું છું. ચૂંટણીમાં તેમનું મોટું યોગદાન રહ્યું છે. એ અમારું સદ્ભાગ્ય છે કે ભાજપને બહેનો, દીકરીઓ અને માતાઓએ આટલો બધો સ્નેહ, આટલા બધા આશીર્વાદ આપ્યા છે. **જ્યાં પણ મહિલા મતદારોએ પુરુષો કરતાં વધુ મતદાન કર્યું છે, ત્યાં ભાજપને બમ્પર જીત મળી છે.** આપણી માતાઓ, બહેનો, દીકરીઓ, સ્ત્રીશક્તિ ભાજપની જીતના સાક્ષી બન્યાં છે.

હું બધા કહેવાતા રાજકીય પંડિતોને કહું છું કે દેશના ભલા માટે જૂની જર્જરિત વસ્તુઓ છોડી દો અને નવી વસ્તુઓ વિશે વિચારવાનું શરૂ કરો. આ દેશ માટે ખૂબ જ દુઃખની વાત છે. હું પણ આ વાતનો અનુભવ કરતો હતો, **જ્યારે આ જ્ઞાની લોકો યુપીના લોકોને માત્ર અને માત્ર જાતિવાદના માપદંડથી જ તોલતા હતા અને તેમને એ જ દૃષ્ટિકોણથી જોતા હતા. ઉત્તર પ્રદેશના નાગરિકોને જાતિવાદના ઘેરામાં બાંધીને તેઓ ઉત્તર પ્રદેશના નાગરિકો અને ઉત્તર પ્રદેશનું અપમાન કરતા હતા.** કેટલાક લોકો યુપીને એમ કહીને બદનામ કરે છે કે યુપીમાં માત્ર જાતિ જ ચાલે છે.

૨૦૧૪, ૨૦૧૭, ૨૦૧૯ અને હવે ૨૦૨૨ - દરેક વખતે ઉત્તર પ્રદેશની જનતાએ માત્ર વિકાસની રાજનીતિ પસંદ કરી છે. યુપીની જનતાએ આ લોકોને આ પાઠ ભણાવ્યો છે. તેઓએ આ પાઠ શીખવો પડશે. **ઉત્તર પ્રદેશના દરેક નાગરિકે આ પાઠ ભણાવ્યો છે કે જ્ઞાતિની ગરિમા, જ્ઞાતિનું મૂલ્ય દેશને એક કરવા માટે હોવું જોઈએ, તેને તોડવા માટે નહીં.** અમે આ ચારે ચૂંટણીઓમાં કરી બતાવ્યું છે.

૨૦૧૯ની ચૂંટણીનાં પરિણામો બાદ કેટલાક રાજકીય વિદ્વાનોએ કહ્યું હતું કે ૨૦૧૯ની જીતમાં શું છે, તેનો નિર્ણય ૨૦૧૭માં જ નક્કી થઈ ગયો હતો, કારણ કે યુપીનું પરિણામ ૨૦૧૭માં આવ્યું હતું. **હું માનું છું કે આ વખતે પણ આ વિદ્વાન માણસો એ કહેવાની હિંમત કરશે કે ૨૦૨૨ના પરિણામોએ ૨૦૨૪ના પરિણામો નક્કી કરી લીધાં છે.** દેશમાં જ્યાં જ્યાં ડબલ એન્જિનની સરકાર હતી ત્યાં લોકોનાં હિતોનું રક્ષણ થયું છે.

હું આજે પંજાબના ભાજપના કાર્યકર્તાઓની પણ વિશેષ પ્રશંસા કરું છું. તેમણે જે રીતે વિપરીત સંજોગોમાં પણ પક્ષનો ઝંડો ફરકાવ્યો છે, તેનાથી પંજાબમાં ભાજપની તાકાત અને આવનારા સમયમાં દેશની તાકાતનો વિકાસ કરવામાં મદદ મળશે.

પંજાબમાં ભાજપ એક શક્તિ તરીકે ઊભરી આવી છે, જે હું મારી આંખો સામે જોઈ રહ્યો છું. **સરહદી રાજ્ય હોવાને કારણે તે રાજ્યને ભાજપનો કાર્યકર્તા અલગતાવાદી રાજકારણ સામે જાગૃત રાખવા પોતાની જાનની બાજી લગાવે દેશે.** આગામી પાંચ વર્ષમાં ભાજપનો દરેક કાર્યકર્તા ત્યાં આ જવાબદારી જોરશોરથી નિભાવવાનો છે, આ વિશ્વાસ હું પંજાબની જનતાને આપવા માંગું છું.

આ ચૂંટણીઓ એવા સમયે આવી છે જ્યારે આખી દુનિયા ૧૦૦ વર્ષમાં સૌથી મોટી કોરોના મહામારી સામે લડી રહી છે. યુદ્ધે પણ વિશ્વની ચિંતા વધારી દીધી છે. આ સંજોગોમાં દુનિયાભરમાં સપ્લાય ચેઈનને અસર થઈ છે. આ પડકારોને પહોંચી વળવા ભારતે જે પગલાં લીધાં છે, **આર્થિક સ્તરે, જે નિર્ણયો લેવામાં આવ્યા હતા, ગરીબોના કલ્યાણના માટે જે નિર્ણયો લીધા, આનાથી ભારતને આગળ વધવામાં ઘણી મદદ મળી છે.** ભારત તેનાથી બચી ગયું છે. કારણ કે આપણી નીતિઓ જમીન સાથે જોડાયેલી હતી. અમારા પ્રયત્નો નિષ્ઠા અને નિયતના માર્ગ પર અવિરત આગળ વધતા રહ્યા.

જે યુદ્ધ ચાલી રહ્યું છે તેની સીધી અને આડકતરી અસર વિશ્વના દરેક દેશ પર પડી રહી છે. ભારત શાંતિના પક્ષમાં છે. વાતચીત દ્વારા દરેક સમસ્યાનો ઉકેલ લાવવાના પક્ષમાં છે. જે દેશો સીધા યુદ્ધ લડી રહ્યા છે, ભારતનો તેમની સાથે આર્થિક, સુરક્ષા, શિક્ષણ, રાજકીય દૃષ્ટિથી સંબંધ છે. ભારતની ઘણી જરૂરિયાતો આ દેશો સાથે જોડાયેલી છે.

ઉત્તર પ્રદેશ જેવા રાજ્યએ પોતાનું વિઝન દેખાડ્યું છે. આ ચૂંટણીઓમાં ભારતના મતદારોએ જે રીતે સ્થિર સરકારો માટે મત આપ્યા, તે એ વાતનું પ્રતીક છે કે લોકશાહી ભારતીયોની નસેનસમાં છે. ભાઈઓ અને બહેનો, આજે આ અવસર પર, હું દેશની સમક્ષ મારી કેટલીક ચિંતાઓને મૂકવા માંગું છું.

**દેશના નાગરિકો રાષ્ટ્રનિર્માણમાં લાગેલા છે, પરંતુ અહીં કેટલાક લોકો સતત રાજકારણનું સ્તર ઘટાડી રહ્યા છે.** કોરોનાના આ સમયમાં પણ આપણે જોયું છે કે લોકોએ સતત દેશવાસીઓને



ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કર્યો છે.

**રસીકરણ માટેના અમારા પ્રયત્નોની સમગ્ર વિશ્વ પ્રશંસા કરી રહ્યું છે પરંતુ આ પવિત્ર અને માનવતાવાદી કાર્ય અને ભારતની રસી પર પણ પ્રશ્નો ઊભા થયા હતા.** જ્યારે હજારો ભારતીય વિદ્યાર્થીઓ અને નાગરિકો યુક્રેનમાં ફસાયેલા હતા, ત્યારે પણ દેશનું મનોબળ તોડવાની વાતો થઈ હતી. જે લોકો ત્યાં ફસાયેલા હતા, તે લોકોની ચિંતા વધારવાનું કામ કરી રહ્યા હતા. આ લોકો તે બાળકોમાં અસુરક્ષાની ભાવના વધારી રહ્યા હતા. આ લોકોએ ઓપરેશન ગંગાને ક્ષેત્રવાદની બેડીઓમાં બાંધવાનો પ્રયાસ કર્યો હતો. **દરેક યોજના, દરેક કાર્યને ક્ષેત્રવાદ, પ્રદેશવાદ, જાતિવાદનો રંગ આપવાનો દરેક પ્રયાસ ભારતના ઉજ્જવળ ભવિષ્ય માટે ચિંતાનો વિષય છે.**

આ ચૂંટણીઓમાં મેં સતત વિકાસની વાત કરી છે. ગરીબોને આવાસ, ગરીબોને રાશન, રસી, આધુનિક માળખાગત સુવિધાના દરેક વિષય પર ભાજપનું વિઝન લોકો સમક્ષ મૂકવામાં આવ્યું છે. હું જેના વિશે સૌથી વધુ ચિંતિત હતો, તે કુટુંબવાદ હતો. મેં લોકોને કહ્યું કે હું પરિવારની વિરુદ્ધ નથી. કોઈ ખાસ લોકો સામે વિરોધ નથી. **કેવી રીતે કુટુંબવાદે રાજ્યને આટલું બધું નુકસાન પહોંચાડ્યું છે અને રાજ્યને પાછળ લઈ ગયા - આ વાત સમજ્યા પછી આ ચૂંટણીમાં મતદારોએ પોતાનો મત આપ્યો છે.** લોકતંત્રની તાકાતને મજબૂત કરી.

હું જે મુદ્દાઓ ઉઠાવી રહ્યો છું, તેના પર ચર્ચા કરવાની જરૂર છે. એક દિવસ એવો આવશે, જ્યારે **ભારતમાં પરિવારવાદી રાજકારણનો સૂર્યાસ્ત નાગરિકો જ કરશે.** આ ચૂંટણીમાં દેશના મતદારોએ પોતાની સમજદારી બતાવી, શું થવાનું છે, તેનો સંકેત આપવામાં આવ્યો છે.

આજે હું એક વિશેષ વિષય મૂકવા માગું છું અને તે ભ્રષ્ટાચાર સામે કાર્યવાહી અટકાવવાનું કાવતરું છે. આપણા દેશમાં ભ્રષ્ટાચાર સામે લોકોમાં નફરતની ભાવના છે. દેશની મહેનતની કમાણી લૂંટીને તિજોરી ભરવાની વૃત્તિ કેટલાક લોકોની ઓળખ સાથે સંકળાયેલી છે.

આજકાલ, તે એક જમાતની પ્રવૃત્તિ બની ગઈ છે કે પહેલાં હજારો કરોડ રૂપિયાના ભ્રષ્ટાચાર કરે છે, અને પછી કોઈ તપાસ પણ થવા દેતા નથી, જો તપાસ થાય તો તેની ઉપર દબાણ લાવે છે. આ લોકો કોઈ ભ્રષ્ટાચારી સામે કાર્યવાહી થાય છે તો તેને ધર્મનો રંગ આપી દે છે, પ્રદેશનો રંગ આપી દે છે. જાતિનો રંગ આપી દે છે. આ નવી રીતો શરૂ થઈ ગઈ છે. કોઈ માફિયા વિરુદ્ધ અદાલત કોઈ ફેંસલો આપે છે તો આ લોકો તેને ધર્મ સાથે જોડી દે છે. **હું ભારતના તમામ સંપ્રદાયો, જાતિઓ પર ગર્વ કરનારા પ્રામાણિક લોકોને આગ્રહ કરું છું કે, આવા ભ્રષ્ટ, માફિયાઓને તેમના સમાજ, સંપ્રદાય અને જ્ઞાતિથી દૂર કરવાની હિંમત કરો.** તેનાથી સમાજ પણ મજબૂત થશે, સંપ્રદાય પણ મજબૂત બનશે.

હું બનારસનો સાંસદ છું. યુપીના લોકોના પ્રેમ અને આશીર્વાદે મને પણ યુપીવાળો બનાવ્યો. બનારસના સાંસદ હોવાના નાતે હું અનુભવથી કહી શકું છું કે યુપીની જનતા સમજી ગઈ છે કે જાતિને બદનામ કરના લોકોથી દૂર રહેવું ડશે અને રાજ્યના વિકાસને સૌથી વધુ પ્રાધાન્ય આપવું પડશે.

**ભારત આઝાદીના અમૃતકાળમાં પ્રવેશી રહ્યું છે.** આ ચૂંટણીઓ આપણા રાષ્ટ્રીય સંકલ્પોને પ્રતિબિંબિત કરે છે. અહીંથી અમે સાથે મળીને ઝડપથી કામ કરવાના છીએ. એક તરફ આપણે ગામડાંઓ, ગરીબો, નાના ખેડૂતોના કલ્યાણ પર ભાર મૂકીએ છીએ. બીજી તરફ દેશના સંસાધનો, યુવાશક્તિને નવી તકો આપીને આત્મનિર્ભરતાના મિશનને વધુ તીવ્ર બનાવવા માંગીએ છીએ.

ભારતના યુવાનો આજ દિન સુધી તેમની કુશળતાથી, બુદ્ધિના બળથી, સંભવિતતાના ઉપયોગ દ્વારા વિશ્વને ઉકેલો આપી રહ્યા છે. વિશ્વનું સૌથી મોટું અને ઝડપી રસીકરણ અભિયાન આજે ભારતની તાકાતનું ઉત્તમ ઉદાહરણ છે. **આજે ભારત ડિજિટલ પેમેન્ટ સિસ્ટમમાં આત્મનિર્ભર બની રહ્યું છે.** સ્ટાર્ટઅપ્સના ક્ષેત્રમાં પોતાની તાકાત વધારી રહ્યું છે અને ટેક્નોલોજીના ક્ષેત્રમાં નવી સિદ્ધિઓ હાંસલ કરી રહ્યું છે. તે યુવાનોની શક્તિને કારણે શક્ય બન્યું છે.


આજે એવા નવા ભારતનું નિર્માણ થઈ રહ્યું છે, જ્યાં તમારી ઓળખ તમારાથી થાય છે. મને વિશ્વાસ છે કે **સૌનો સાથ - સૌનો વિકાસ - સૌનો વિશ્વાસલ અને સૌના પ્રયત્નોના મંત્ર પર આગળ ચાલીને રાજ્યોને નવી ઊંચાઈઓ પર લઈ જઈશું.** જ્યારે દેશના દરેક રાજ્યનો વિકાસ થશે, ત્યારે દેશનો પણ વિકાસ થશે. મહાન સંકલ્પો અને ઈરાદાઓ સાથે દેશને આગળ વધારવાનો છે.

આવો ભવ્ય વિજય ભારતના ઉજ્જવળ ભવિષ્યની ગેરંટી છે. ઉજ્જવળ ભવિષ્ય માટે નિર્ણાયક મતદાન કરનારા મતદારોને હું અભિનંદન આપું છું.



**પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ઉત્તરપ્રદેશ, ઉત્તરાખંડ, મણીપુર અને ગોવાની ચૂંટણીઓમાં ભાજપને મળેલ ઐતિહાસિક વિજય**

**ભાજપના કેન્દ્રીય કાર્યાલય પર એકત્રિત થયેલ કાર્યકર્તાઓને રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી જગત પ્રકાશ નડ્ડાજીનું સંબોધન**



# ૨૦૨૪માં આપણે ફરી એક વખત ઐતિહાસિક વિજય હાંસલ કરવાનો છે - શ્રી જગત પ્રકાશ નડ્ડાજી

ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, ગોવા અને મણિપુરમાં જે રીતે જનતાએ એક થઈને ભારતીય જનતા પાર્ટીને પ્રચંડ બહુમતી આપી છે એ બતાવે છે કે જનતા જનાર્દને માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીની ગરીબ કલ્યાણ નીતિઓ, કાર્યક્રમો અને તેમના નિર્ણયો પર મહોર મારી છે.

ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી જગત પ્રકાશ નડ્ડાજીએ માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વમાં વિધાનસભાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીને મળેલ પ્રચંડ જીત પછી પાર્ટી કાર્યાલયમાં આદરણીય પ્રધાનમંત્રીજીનું સ્વાગત અને સન્માન કરવા આવેલ કાર્યકર્તાઓને સંબોધન કર્યું અને **માનનીય પ્રધાનમંત્રીજીને જીતના મહાનાયક ગણાવી ચારેય રાજ્યોની જનતા જનાર્દનને અને પરિશ્રમની પરાકાષ્ઠા કરવાવાળા પાર્ટી કાર્યકર્તાઓને જીતનું શ્રેય આપ્યું.**

શ્રી નડ્ડાજીએ કહ્યું કે ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, ગોવા અને મણીપુરની વિધાનસભાની ચૂંટણીઓનાં પરિણામ એકતરફી ભારતીય જનતા પાર્ટીના પક્ષમાં આવ્યાં છે. દેશભરમાં કરવામાં આવેલ ભાજપાની વિજયયાત્રામાં મોટી સંખ્યામાં પાર્ટી કાર્યકર્તાઓ પોતાના લોકપ્રિય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીનું સ્વાગત અને સન્માન કરવા આવ્યા હતા. હું આપ સૌની વતી, દેશભરના કરોડો પાર્ટી કાર્યકર્તાઓ તરફથી અને હું પોતાના વતી આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીને હાર્દિક અભિનંદન પાઠવું છું. તેમનું હૃદયથી સ્વાગત કરું છું.

ભાજપા અધ્યક્ષ શ્રી નડ્ડાજીએ કહ્યું કે ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, ગોવા અને મણીપુરમાં જે રીતે જનતાએ એકજૂટ થઈને ભારતીય જનતા પાર્ટીને પ્રચંડ બહુમતી આપેલ છે - એ દર્શાવે છે કે **મહાન જનતાએ માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીની ગરીબ કલ્યાણ નીતિઓ, કાર્યક્રમો અને તેમના નિર્ણયો પર મહોર મારી છે.** હું બધા જ મતદાતાઓને હાર્દિક ધન્યવાદ કરીને આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીને અભિનંદન પાઠવું છું. ભાજપાનો આ પ્રચંડ વિજય એ વાતની સાક્ષી છે કે માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વમાં દેશની રાજનીતિ કેવી રીતે આગળ વધી રહી છે.

ઉત્તર પ્રદેશમાં ભાજપાના સતત બીજી વાર ઐતિહાસિક વિજય પર બોલતાં શ્રી નડ્ડાજીએ કહ્યું કે **યુપીમાં પહેલીવાર સતત ચાર વાર** ૨૦૧૪ની લોકસભા ચૂંટણી, ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણી, ૨૦૧૯ની લોકસભા ચૂંટણી અને ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીના પરિણામમાં ભાજપાને અહીંની જનતાએ પોતાના આશીર્વાદ આપ્યા છે. યુપીમાં લગભગ **૩૭ વર્ષ પછી બીજીવાર** કોઈ પાર્ટીની સરકાર બની છે. અમારો વોટ શેર પણ ઉત્તર પ્રદેશમાં **૩૯%થી વધીને ૪૨%** થયો છે.

શ્રી નડ્ડાજીએ કહ્યું કે **ઉત્તરાખંડ** બન્યા પછી દરેક ચૂંટણીમાં સરકાર બદલવાનો ટ્રેન્ડ રહ્યો છે પરંતુ અમે આ વખતે માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વમાં ઉત્તરાખંડની ચૂંટણી લડી અને બીજી વખત લગભગ બેતૃતીયાંશ બહુમતી સાથે દેવભૂમિની જનતાના આશીર્વાદથી



ભાજપાની પુનઃ સરકાર બની રહી છે. **મણીપુર**માં પહેલીવાર ભારતીય જનતા પાર્ટી પોતાના દમ પર પૂર્ણ બહુમતથી સરકાર બનાવી રહી છે. **ગોવા**માં અમે જીતની હેટ્રિક લગાવી છે. આસામમાં નગર પાલિકાની ચૂંટણીનાં પરિણામ આવ્યાં જેમાં ભાજપને ૮૦માંથી ૭૭ સીટો પર જીત મેળવેલ છે. એટલું જ નહીં, આસામની એક વિધાનસભા સીટ પર થયેલ ચૂંટણીમાં પણ ભાજપાને મોટા માર્જીન સાથે જીત પ્રાપ્ત થઈ છે. એ સ્પષ્ટ છે કે આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીની નીતિઓ અને તેમના કાર્યક્રમોને સમગ્ર રાષ્ટ્રની જનતાએ પોતાનું પૂર્ણ સમર્થન આપ્યું છે.

માનનીય રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી નડ્ડાજીએ કહ્યું કે ચૂંટણી દરમિયાન એક વાત વારંવાર કહેવામાં આવતી કે કેટલીક પાર્ટીઓ ભાજપાની વિરુદ્ધ એકજૂટ થયેલ છે, તેથી તેમની વોટબેંક જોડાઈ જશે જેથી તેમની સીટો ઘણી વધી જશે અને ભાજપાને આસાન જીત મળશે નહીં. **મેં વારંવાર કહ્યું કે નેતાઓના જોડાવાથી વોટ મળતા નથી કારણ કે ચૂંટણી મેથેમેટિક્સનો નહીં, કેમેસ્ટ્રીનો વિષય છે.** દેશનાં ગામડાં, ગરીબ, ખેડૂત, દલિત, પીડિત, શોષિત, વંચિત, યુવા અને મહિલાઓ આજે માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની સાથે પોતાપણાનો ભાવ અનુભવે છે, તેમની કેમેસ્ટ્રી માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની સાથે જોડાયેલી છે.

શ્રી નડ્ડાજીએ કહ્યું કે માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ દેશની રાજનીતિની સંસ્કૃતિને બદલી નાંખી છે. દેશમાં લાંબા સમયથી એક પ્રકારની રાજનીતિ ચાલી રહી હતી. એ **રાજનીતિ ભાઈ-ભત્રીજાવાદ, ભ્રષ્ટાચાર, સાંપ્રદાયિકતા, જાતિવાદ, પરિવારવાદ, ક્ષેત્રવાદ પર કેન્દ્રિત હતી. આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ દેશની રાજનીતિના પરિદૃશ્યને બદલીને વિકાસવાદ અને રીપોર્ટ કાર્ડની સંસ્કૃતિને સ્થાપિત કરી છે.** માનનીય પ્રધાનમંત્રીજીએ ગરીબ કલ્યાણ યોજનાઓના માધ્યમથી દેશનાં ગામડાં, ગરીબ, કિસાન, દલિત, પીડિત, શોષિત, વંચિત, યુવા અને મહિલાઓના સશક્તિકરણ માટેનું કામ કર્યું છે.

ભાજપા અધ્યક્ષ શ્રી નડ્ડાજીએ કહ્યું કે ઉત્તર પ્રદેશમાં પાંચ વર્ષ પહેલા ગુંડારાજ, માફિયારાજ, ભ્રષ્ટાચાર અને આતંકવાદની બોલબાલા હતી પરંતુ ભાજપની ડબલ એન્જિનવાળી યોગી આદિત્યનાથની સરકારે ઉત્તર પ્રદેશને ભયમુક્ત પ્રદેશ બનાવ્યો છે. જે માફિયાઓ પહેલાં ખુલ્લેઆમ ફરતા હતા, તેઓ આજે જેલની હવા ખાય છે. **જે ભયનું વાતાવરણ બનાવતા હતા, તેઓ આજે પોતે જ ભયભીત છે.**

શ્રી નડ્ડાજીએ કહ્યું કે મણિપુરમાં માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ એક્ટ ઈસ્ટ પોલિસી અમલમાં મૂકી. તેમણે **છેલ્લાં સાડા સાત વર્ષોમાં લગભગ ૫૦ વખત નોર્ટ-ઈસ્ટની મુલાકાત કરી છે. તેનું પરિણામ આજે મણીપુરમાં જોઈ રહ્યા છીએ.** આદરણીય પ્રધાનમંત્રીજીએ ઘણા વખત પહેલાં જ કહ્યું હતું કે હવેનો દસકો ઉત્તરાખંડનો હશે. દેવભૂમિની મહાન જનતાએ તેમના આ અભિયાનને પૂર્ણ સમર્થન આપ્યું છે.

માનનીય રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી નડ્ડાજીએ કહ્યું કે આજે ભારતે કોરોના સામેની લડાઈમાં જે સિદ્ધિ હાંસલ કરી છે, તે આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના અથક પ્રયત્નો દ્વારા સંભવ થયેલ છે. તેમણે એક બાજુ વેક્સીનના માધ્યમથી ૧૩૦ કરોડ દેશવાસીઓને સુરક્ષિત કર્યા તો બીજી બાજુ તેમણે સ્વાસ્થ્યના ક્ષેત્રમાં ભારતને આત્મનિર્ભર બનાવીને ગરીબ કલ્યાણ યોજનાઓના માધ્યમ દ્વારા દેશના દરેક નાગરિક માટે બે વખતની રોટીની ચિંતા કરી. કોરોનાકાળ પછી ભારતમાં આર્થિક વિકાસની ગતિ જે રીતે વધી છે સમગ્ર વિશ્વએ તેની પ્રશંસા કરી છે અને આજે ભારત વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા છે.

શ્રી નડ્ડાજીએ જણાવ્યું હતું કે, હું ફરી એકવાર માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીનો ચારેય રાજ્યોમાં ભાજપને ઐતિહાસિક વિજય અપાવવા બદલ હૃદયપૂર્વક આભાર માનું છું, મારા કેન્દ્રીય નેતાઓને નમન કરું છું, ચૂંટણીલક્ષી રાજ્યોના પ્રદેશ નેતૃત્વનો આભાર માનું છું અને છેલ્લે ફરી આપણા કાર્યકર્તાઓના અથક પરિશ્રમને નમન કરું છું અને કહું છું કે તમે સખત પરિશ્રમ કર્યો, તમારી બધી તાકાત લગાવી. તમારી મહેનત રંગ લાવી છે અને માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીના નેતૃત્વમાં તમારી મહેનત વોટમાં ફેરવાઈ ગઈ છે. ૨૦૨૪માં આપણે ફરી એક વખત ઐતિહાસિક વિજય હાંસલ કરવાનો છે. હું આપણા કાર્યકર્તાઓની દેશભક્તિને નમન કરું છું અને આહ્‌વાન કરું છું કે, આપણે સૌએ સાથે મળીને આગળ વધવાનું છે અને સન્માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીના નેતૃત્વમાં ભારતને સફળ બનાવવાનું છે.



## આપણું ગામ આપણું ગૌરવ



# ગુજરાતનું દરેક ગામ ઓગસ્ટ-૨૦૨૩ સુધીમાં ઓછામાં ઓછી ૭૫ દિવસની પ્રભાતફેરી યોજી રાષ્ટ્રભક્તિની જનચેતના જગાવી રાષ્ટ્રભક્તિના સંસ્કારનું સિંચન કરે - શ્રી નરેન્દ્રભાઈ મોદી

ગ્રામીણ વિકાસ એ પૂજ્ય બાપુનું મહત્ત્વનું સ્વપ્ન હતું. લોકતંત્રને મજબૂત કરવામાં પંચાયતી રાજ વ્યવસ્થાનું ખૂબ મહત્ત્વ છે તેમાં પરિણામલક્ષી ગતિ, પરિવર્તન લાવવાનું કામ સરપંચો – જનપ્રતિનિધિઓ કરે છે ત્યારે **ગુજરાત રાજ્યની પંચાયતી રાજ-વ્યવસ્થા સમગ્ર દેશ માટે પ્રેરક બનશે** તેવો વિશ્વાસ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વ્યક્ત કર્યો છે.

અમદાવાદના જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે યોજાયેલા ગુજરાત પંચાયત મહાસંમેલનમાં જનપ્રતિનિધિઓને સંબોધતાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે, ગુજરાત એ ગાંધી અને સરદારની ભૂમિ છે. પૂજ્ય બાપુએ હંમેશા ગ્રામીણ વિકાસ અને આત્મનિર્ભરતાની વાત કરી છે. **આપણે જયારે આઝાદીનો અમૃત મહોત્સવ ઊજવી રહ્યા છીએ ત્યારે પૂજ્ય બાપુના ગ્રામવિકાસ અને આત્મનિર્ભરતાના સ્વપ્નને સાકાર કરવા આપણે સૌ કટિબદ્ધ બનીએ.**

રાજયભરમાંથી ઉપસ્થિત રહેલા જનપ્રતિનિધિઓનું અભિવાદન કરતાં શ્રી મોદીએ કહ્યું કે કોરોનાની વૈશ્વિક મહામારીએ સમગ્ર દેશને હચમચાવી દીધો હતો, પરંતુ **દેશભરનાં ગામડાંઓની સ્વયં જાગૃતિએ કોરોનાને હરાવ્યો છે.** ગામડાંઓએ કોરોના નિયંત્રણ માટે પોતે અનેક નિયમો બનાવ્યા. તેને પગલે કોરોનાના કાળખંડમાં ગામડાંઓ કોરોનાને સફળતાપૂર્વક દૂર રાખી શક્યાં તે માટે સૌ અભિનંદનના અધિકારી છે.

રાજયની પંચાયત વ્યવસ્થામાં મહિલાઓના યોગદાનનો ઉલ્લેખ કરી વડાપ્રધાન શ્રી મોદીએ કહ્યું કે રાજ્યની પંચાયત વ્યવસ્થામાં મહિલાઓનું યોગદાન નોંધપાત્ર છે. સાથેસાથે રાજ્યમાં સમરસ પંચાયતનો અભિગમ સફળતાપૂર્વક અમલી બન્યો છે. એક સમયે ગામડાંઓમાં ચૂંટણીના પગલે કુસંપ વધવાની સ્થિતિને કારણે વેરઝેર જોવા મળતું હતું. **વડાપ્રધાનશ્રીએ શ્રી વિનોબા ભાવેનું સ્મરણ કરતાં કહ્યું કે તેઓ હંમેશાં કહેતા કે બધા સહમતીથી ગામના પ્રતિનિધિ નક્કી કરે તો ગામમાં સંપ જોવા મળે તે વાત આજે ગુજરાતે સાચા અર્થમાં સાકાર કરી છે.**

શ્રી મોદીએ કહ્યું કે મુખ્યમંત્રી તરીકે તેમના કર્તવ્યકાળમાં રાજયની પંચાયતી વ્યવસ્થામાં મહિલાઓના યોગદાનને બળ પૂરું પાડવાનો નવતર અભિગમ તેમણે અપનાવ્યો હતો. **'ગામમાં કોઈને ગરીબ નથી રહેવા દેવા'** તેવો સંકલ્પ લેવા જનપ્રતિનિધિઓને તેમણે આહ્વાન કર્યું હતું. કોઈપણ જવાબદારીને સામૂહિક રીતે વહન કરવાની સક્ષમતા જ આપણી તાકાત છે તેમ તેમણે ઉમેર્યું હતું.






યોજાયેલા પંચાયતી રાજ મહાસંમેલનમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જનમેદનીને હાકલ કરતાં કહ્યું હતું કે, **રાજ્યના ૧.૫ લાખ જનપ્રતિનિધિઓ સમૂહમાં વિકાસનું ચિંતન કરે તે જ સૌથી મોટું કામ છે.** આપણી શાળાઓ ગામની પ્રાણશક્તિ છે ત્યારે શાળામાં ભણેલા લોકોને સામૂહિક ચિંતન માટે ભેગા કરવાનો અનુરોધ કરી શ્રી મોદીએ કહ્યું કે, **રાજ્યનું દરેક ગામ ઓગસ્ટ - ૨૦૨૩ સુધીમાં ઓછામાં ઓછી ૭૫ દિવસ પ્રભાતફેરી યોજી રાષ્ટ્રભક્તિની જનચેતના જગાવવાનું કામ કરે** તે સમયની માંગ છે. આ ફેરી દરમ્યાન ગાંધી-સરદાર-ભગતસિંહ સહિતના અનેક નામી-અનામી વીરોના બલિદાનોને યાદ કરીએ તો નવી પેઢીમાં પણ રાષ્ટ્રભક્તિના સંસ્કારનું સિંચન કરી શકીશું તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીને સાર્થક બનાવવા શ્રી મોદીએ પ્રેરક સૂચન કરતાં કહ્યું કે **ગામ આખું ભેગું થાય અને ગામમાં ૭૫ વૃક્ષો વાવવાની પ્રવૃત્તિ કરીને આપણે પર્યાવરણ જાળવવાનું પણ કામ કરી શકીશું.** ગામમાં બહારથી આવનાર વ્યક્તિને ગામ પ્રત્યે લગાવ-રુચિ વધે, સુંદરતા વધે તેવા પ્રયાસ ચુંટાયેલા જનપ્રતિનિધિઓ કરશે તો વિકાસના નવા આયામો પ્રસ્થાપિત કરી શકીશું. આવું નાનકડું વનનિર્માણ કરવા શ્રી મોદીએ સૌને અનુરોધ કર્યો હતો.

ગુજરાતના રાજ્યપાલશ્રી અને મુખ્યમંત્રીશ્રીએ ધરતીમાતાને સામર્થ્યવાન બનાવવા પ્રાકૃતિક ખેતીને પ્રાધાન્ય આપ્યું છે ત્યારે **ગામના ૭૫ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી કરવાનો સંકલ્પ લેવા અનુરોધ** કરતાં શ્રી મોદીએ કહ્યું કે ધરતીમાતાને આપણે રાસાયણિક તત્ત્વોથી પીડા આપીએ છીએ પણ હવે આપણે ધરતીમાતાને પ્રાકૃતિક ખેતીના માધ્યમથી પીડામુક્ત કરીએ અને તેનાથી પર્યાવરણ સુરક્ષા સાથે નાણાં પણ બચશે એમ તેમણે ઉમેર્યું હતું.

શ્રી મોદીએ કહ્યું કે એક સમય હતો કે ગુજરાત બે-ત્રણ વર્ષના અંતરાલે દુષ્કાળનો સામનો કરતું હતું. ત્યારે આપણે જળસંચય માટે ખેતતલાવડી – બોરીબંધ - ચેકડેમના નિર્માણનો નવતર અભિગમ અપનાવ્યો હતો. અને **૧ લાખથી વધુ બોરીબંધનું નિર્માણ કર્યું હતું.**

શ્રી મોદીએ કહ્યું કે આ રીતે જળસંચય દ્વારા ભૂગર્ભજળ ઊંચું લાવવાનો આપણે સૌ સંકલ્પ કરીએ. ગામડાંઓમાં જ્યાં પણ નાના વહેળા-વહેણ હોય ત્યાં ૭૫ ખેતતલાવડી બનાવવાની જનપ્રતિનિધિઓને તેમણે હાકલ કરી હતી.

પશુધનને બચાવવા માટે રસીકરણનો ઉલ્લેખ કરી શ્રી મોદીએ કહ્યું કે આપણાં ગામડાંઓમાં પશુઓને ખડ્પગાનો રોગ થતો હોય છે ત્યારે **જીવદયાના મહત્ત્વના કાર્યક્રમ માટે ભારત સરકારે ૧૩ હજાર કરોડ રૂપિયા પશુઓના રસીકરણ માટે ફાળવ્યા** છે. ત્યારે રાજ્યના પશુધનને આ રોગથી મુક્ત કરવાનું કરુણામય કામ કરવું જરૂરી છે. કેન્દ્ર સરકાર આ માટે ચિંતિત છે પણ રાજ્યના સૌ પશુપાલકો તેના લાભ લેવા જાગૃત બને તે સમયની માંગ છે.

ગામડામાં સ્ટ્રીટ લાઈટ કે ઘરવપરાશમાં એલ.ઈ.ડી.બલ્બ લગાવવાની હાકલ કરી શ્રી મોદીએ કહ્યું કે વીજળી બચાવવી એ આપણી ફરજ છે. ગામના નિવૃત્ત સરકારી કર્મચારીઓ મહિનામાં એક વખત મળીને રાજ્ય અને કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓના વધુ ને વધુ લાભો પોતાના ગામને કેવી રીતે મળે તે માટે સક્રિય બને તે જરૂરી છે. સાથેસાથે **ગામનો જન્મદિવસ ઊજવી ગામની બહાર અન્ય સ્થળોએ રહેતા લોકોને નિમંત્રણ આપીએ તો ગામવિકાસનું નવું સીમાચિહ્ન પ્રસ્થાપિત કરશે** તેવો મને દૃઢ વિશ્વાસ છે તેમ તેમણે ઉમેર્યું હતું.

ટેકનોલોજીના વ્યાપના પગલે



ઓપ્ટીકલ ફાઈબર આજે ગામડાંઓ સુધી પહોંચ્યાં છે ત્યારે ટેલી મેડિસિન, ટેલી એજ્યુકેશનનો લાભ લેવા જનપ્રતિનિધિઓ સક્ષમ બને. **ગામડામાં કોમન સર્વિસ સેન્ટરનો અભિગમ** કાર્યાવિન્ત કર્યો છે. તેનો ગામની નાનામાં નાની વ્યક્તિ લાભ લઈ સમય – નાણાંની બચત કરી શકશે તેમ પ્રધાનમંત્રીશ્રીએ જણાવ્યું હતું.

શ્રી મોદીએ કહ્યું કે, રાજ્યનું કોઈપણ બાળક શાળા છોડીને ન જાય, પ્રત્યેક બાળક આંગણવાડી - શાળામાં દાખલ થાય તે માટે સંકલ્પબદ્ધ બની સમયદાન કરે તેવો જનપ્રતિનિધિઓને અનુરોધ કરી તેની નિયમિત મુલાકાત લેવા સૂચન કર્યું હતું. મહિલાઓ સમાજનું સામર્થ્યવાન અને અભિન્ન અંગ છે ત્યારે રાજ્યના ૫૦%થી વધુ ગામમાં મહિલાઓ ચુંટાઈને પ્રતિનિધિત્વ કરે છે. સમાજમાં ગામ માટે મમતા જાગે તે માટે મહિલાઓ આગળ આવે. પુ. લાલબહાદુર શાસ્ત્રીએ જે ગામ ચોક્કસ શરત પૂર્ણ કરે ત્યાં રાત્રીનિવાસ કરવાનો સંકલ્પ કર્યો હતો તે પુરવાર કરે છે કે ગામડાં કેટલાં સામર્થ્યવાન બની શકે છે. ચૂંટાયેલી મહિલાઓ – પ્રતિનિધિઓ લોકતંત્રની શક્તિઓને પરિણામલક્ષી રીતે ઉજાગર કરે.

ચૂંટણીનાં પરિણામોનો ઉલ્લેખ કરીને શ્રી મોદીએ કહ્યું કે ચાર રાજ્યોમાં લોકતંત્રની શક્તિએ નવા પરિમાણો પ્રસ્થાપિત કર્યા છે ત્યારે 'પંચાયતી રાજ' દિવસની પરિણામલક્ષી રીતે ઉજવણી કરીને લોકતંત્રમાં વિશ્વાસ પ્રસ્થાપિત કરવા સૌને અભિનંદન પાઠવ્યાં હતાં.

## ગામડાઓના વિકાસને વેગવંતો બનાવવા પ્રધાનમંત્રીશ્રીએ નાણાપંચ દ્વારા ફાળવવામાં આવતી ગ્રાન્ટમાં વધારો કર્યો તે માટે આભાર - મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ




મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યના સરપંચોને દેશના સર્વોચ્ચ નેતૃત્વનું સીધું માર્ગદર્શન-સંવાદની આ ઘટનાને ઐતિહાસિક ગણાવી હતી. તેમણે કહ્યું કે, ગ્રામ પંચાયતોને જાહેર વહિવટમાં પ્રાધાન્ય આપવાનો ગુજરાતનો ઈતિહાસ છે.

મુખ્યમંત્રીશ્રીએ ગામડાઓના વિકાસને વેગવંતો બનાવવા પ્રધાનમંત્રીશ્રીએ નાણાપંચ દ્વારા ફાળવવામાં આવતી ગ્રાન્ટમાં વધારો કર્યો તે માટે આભારની લાગણી વ્યક્ત કરી હતી. શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત યોજાયેલ આત્મનિર્ભર ગ્રામયાત્રા અને ગાંધીજયંતી અવસરે આયોજિત ગ્રામસભાઓની સફળતાની ભૂમિકા આપી હતી. તેમણે કહ્યું કે, વડાપ્રધાનશ્રીએ ગુજરાતમાં મુખ્યમંત્રીના કાર્યકાળ દરમ્યાન નિયમિત ગ્રામસભાઓનો જે ઉપક્રમ હાથ ધરેલો તેનાં જ પદચિહ્નો પર રાજ્ય સરકાર ચાલી રહી છે. ગામડાંઓમાં લોકો વચ્ચે જઈને એમના પ્રશ્નો સમસ્યાઓ જાણી તેનું નિવારણ લાવવામાં આવે છે.

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગ્રામીણ નાગરિકોને ઘરઆંગણે વિવિધ સરકારી સેવાઓ સરળતાથી મળે તે માટે ૧, હજારથી વધુ ગામોમાં ઈ-ગ્રામ કેન્દ્રો બ્રોડબેન્ડ કનેક્ટિવિટી સાથે શરૂ કર્યા છે તેની પણ વિગતો આપી હતી. તેમણે ગુજરાતમાં ૮૫ લાખ ગ્રામીણ ઘરોમાં નળજોડાણ, ૩ લાખ ૮ હજાર ગ્રામીણ આવાસોની પૂર્ણતા સહિતના ગ્રામીણક્ષેત્રે થયેલા જનહિતકારી વિકાસકામોની છણાવટ કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ પ્રધાનમંત્રીશ્રીને એવો વિશ્વાસ પણ આપ્યો કે આત્મનિર્ભર ભારતના નિર્માણમાં ગુજરાતની પ્રત્યેક ગ્રામ પંચાયત આત્મનિર્ભર પંચાયત બનીને સહયોગ આપશે.







# ગુજરાતનો નવયુવાન હવે આસમાનને આંબવા માટે તૈયાર છે સફળતા માટે કોઈ શોર્ટકટ ન શોધશો - શ્રી નરેન્દ્રભાઈ મોદી

અગિયારમા ખેલ મહાકુંભની શુભકામનાઓ આપવાની સાથે ઉપસ્થિત ‘યુવા જોશ’ના ઉમંગથી લહેરાતા સાગરને સંબોધિત કરતા દેશના વડાપ્રધાન શ્રીનરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, **ગુજરાતનો નવયુવાન હવે આસમાનને આંબવા માટે તૈયાર છે.** આ માત્ર ખેલનો જ મહાકુંભ જ નહિ, ગુજરાતની યુવા મહાશક્તિનો મહાકુંભ છે. કૉરોનાકાળમાં બે વર્ષથી મુલતવી રહેલા ખેલમહાકુંભનું ચાલુ વર્ષે વધુ જોશ અને આયોજનપૂર્વકનું આયોજન કરવા બદલ શ્રી મોદીએ ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રશંસા કરતાં જણાવ્યું હતું કે, તેમના આ પ્રયાસોએ યુવા ખેલાડીઓને નવા જોશથી ભરી દીધા છે.

શ્રી મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે તેમના કાર્યકાળને યાદ કરતાં જણાવ્યું હતું કે, મને બરાબર યાદ છે કે, **૧૨ વર્ષ પહેલાં વર્ષ-૨૦૧૦માં રાજ્યના ખેલમહાકુંભનો મેં પ્રારંભ કરાવ્યો હતો. જે સ્વપ્નોનું મેં બીજ વાવ્યું હતું. તે આજે વટવૃક્ષ બનીને વૈશ્વિક ફલક ઉપર વિસ્તરી ચૂક્યું છે.** વર્ષ-૨૦૧૦માં ૧૬ ખેલ, ૧૩ લાખ ખેલાડીઓ સાથે થયેલી શરૂઆત વર્ષ-૨૦૧૯માં ૪૦ લાખ ખેલાડીઓની ભાગીદારી અને ૩૬ સ્પોર્ટ્સ, ૨૬ પેરા-સ્પોર્ટ્સ બાદ હવે આ સંખ્યા ૫૫ લાખ ખેલાડીઓ ઉપર પહોંચી ગઈ છે. આપણા ખેલાડીઓ કબડ્ડી, ખો-ખો, યોગાસન, સ્કેટીંગ, ટેનિસ, ફેન્સીંગ સહિતની રમતોમાં કમાલ કરી રહ્યા છે. શક્તિદૂત જેવી સરકારની યોજનાઓ ખેલાડીઓને સહયોગ આપી રહી છે. મને કહેતાં એ આનંદ થાય છે કે, તમારા સૌના સતત-અવિરત પ્રયાસ, સાધના, તપસ્યાના લીધે ગુજરાતના લોકોએ મળીને જે સંકલ્પ લીધો હતો તે આજ દુનિયામાં તેનો પરચમ લહેરાવી રહ્યો છે.

ખેલમહાકુંભ જેવા આયોજનમાંથી નીકળતા યુવાઓ એશિયન-ઓલિમ્પિક-કોમનવેલ્થ જેવા રમતોત્સવમાં ગુજરાત અને દેશનું ગૌરવ વધારી રહ્યા છે. હજુ પણ અહીંથી નવી પ્રતિભા નીકળશે તેવો વિશ્વાસ વ્યક્ત કરતાં વડાપ્રધાનશ્રીએ ઉમેર્યું હતું કે, એક સમય હતો, જયારે ખેલજગતમાં ભારતની ઓળખ માત્ર એક-બે ખેલ પૂરતી જ માર્યાદિત હતી, જેના લીધે કેટલીક ગૌરવાન્વિત પ્રતિભાઓ પણ છુપાયેલી રહી હતી. આ પૂર્વે, સ્પોર્ટ્સ માટે જે પ્રાથમિકતા આપવામાં આવતી જોઈતી હતી, તેના પ્રત્યે દુર્લક્ષ સેવવામાં આવ્યું હતું. એટલું જ નહિ, **રાજકારણની માફક, સ્પોર્ટ્સમાં પણ ભાઈ-ભત્રીજાવાદ ઘૂસી ગયો હતો અને સારા ખેલાડીઓની પસંદગીમાં પારદર્શિતાનો ભારે અભાવ હતો. આ વમળમાંથી નીકળીને આજે ભારતની યુવાપ્રતિભા હવે નવી ઊંચાઈઓ આંબી રહી છે.** દુનિયાનો સૌથી યુવા દેશ ખેલના મેદાનમાં પણ એક તાકાત બનીને ઊભરી રહ્યો છે. **ટોક્યો ઓલિમ્પિકમાં ૦૭ મેડલ અને ટોક્યો પેરા ઓલિમ્પિકમાં ૧૯ મેડલ્સ જીતીને ભારતે વૈશ્વિક સ્તરે તેના પરચમ લહેરાવી દીધા છે.** મને ભરોસો છે કે, **‘ના હિન્દુસ્તાન ઝૂકેગા, ના હિન્દુસ્તાન થકેગા’!** મને મારા દેશના ખેલાડીઓ અને તેમની તપશ્ચર્યા ઉપર વિશ્વાસ છે, તેમનાં સપનાં-સંકલ્પ ઉપર ભરોસો છે. આજે હું લાખો યુવા સામે હિંમતથી





કહી શકું છું કે, ભારતની યુવાશક્તિ દેશને ખૂબ જ આગળ લઈ જશે.

દેશ આગામી ભવિષ્યમાં ઘણા મેડલો જીતશે તેવો આશાવાદ વ્યક્ત કરતાં તેમણે આગળ જણાવ્યું હતું કે, **યુક્રેનથી દેશમાં સલામત રીતે પરત ફરતી વેળા દેશના યુવાઓએ તિરંગાની આન-બાન-શાનને જોઈ છે.** દેશ માટેની આ ભાવના મેં મેડલ પ્રાપ્ત કરી પોડિયમ ઉપર ઊભા રહી ગૌરવથી હર્ષાશ્રુ વહેવડાવતા ખેલાડીની આંખ જોઈ છે. જે યુવાઓ સંકલ્પ અને સમર્પણભાવથી જોડાય છે, તે દેશને દિશા આપવામાં મોટી ભૂમિકા નિભાવે છે.


શ્રી મોદીએ કહ્યું કે, આજે રાજ્યના ગામ-શહેરથી લાખોની સંખ્યામાં તમે આવ્યા છો, તમારાં સ્વપ્નોને પૂરાં કરવા તમે દિન-રાત મહેનત કરી રહ્યા છો, **તમારા સ્વપ્નમાં હું તમારું , રાજ્ય અને દેશનું ભવિષ્ય જોઈ રહ્યો છું. ડિજિટલ ઇન્ડિયા, આત્મનિર્ભર ભારત, સ્ટાર્ટ-અપ, સ્ટેન્ડ-અપ, વોકલથી લોકલ તથા મેક ઇન ઇન્ડિયાથી મેડ ઇન ઇન્ડિયા સહિતની યોજનાઓ થકી 'નયા ભારત'ના તમામ અભિયાનોની જવાબદારી દેશના યુવાએ ઉઠાવી છે.** આજે સોફ્ટવેરથી સ્પેસ, ડિફેન્સથી આર્ટિફિસિયલ ઇન્ટેલિજન્સ, પ્રત્યેક ફિલ્ડમાં ભારતનો દબદબો છે. દુનિયા ભારતને એક મોટી શક્તિના સ્વરૂપમાં જોઈ રહી છે, તેમ શ્રી મોદીએ ઉમેર્યું હતું.

ખેલના મુખ્ય ગુણધર્મોને યાદ કરતાં વડાપ્રધાશ્રીએ જણાવ્યું હતું કે, **ખેલ એ ખેલદિલી વધારે છે. જે ખેલે તે જ ખીલે છે.** યુવાઓને સલાહ આપતાં શ્રી મોદીએ કહ્યું હતું કે, **સફળતા માટે કોઈ શોર્ટકટ ન શોધશો.** આ અલ્પજીવી રસ્તો છે. સફળતાનો એક જ મંત્ર છે ; લોન્ગ ટર્મ પ્લાનિંગ ઍન્ડ કન્ટિન્યુઅસ કમિટમેન્ટ. રોકાયા વિના, થાક્યા વગર, ઝૂક્યા વગર રમવું. આ ભાવનાના લીધે જ દેશ આગળ વધી રહ્યો છે. આપ પણ સતત પરિશ્રમથી જ આગળ વધો. ૩૬૦ ડિગ્રી પરફોર્મ કરી ટીમવર્કથી આગળ વધો. ભારતમાં ખેલને સફળતાના શિખર ઉપર પહોંચાડવા માટે ૩૬૦ ડિગ્રી ટીમવર્કની જરૂર છે. આ માટે દેશ પણ હોલિસ્ટિક અપ્રોચથી કામ કરી રહ્યો છે. પહેલાં યુવાઓને તક મળતી નહોતી, અમે દેશની પ્રતિભા ઓળખી તેમને સહયોગ આપવાનું શરૂ કર્યું છે. **છેલ્લાં ૭-૮ વર્ષમાં સ્પોર્ટ્સ બજેટ ૭૦% વધારવામાં આવ્યું છે.** ખેલાડીના ભવિષ્યની ચિંતા દૂર કરવા માટે તેમને મળનારા પ્રોત્સાહન ઇનામ અને અનુદાનની રકમ વધારી છે. આ કારણે પછાત અને આદિવાસી વર્ગથી પણ ખેલાડીઓ આવી રહ્યા છે. ખેલને સહજ સ્વીકૃતિ મળતાં સમાજની માનસિકતા બદલાઈ રહી છે. હવે સ્પોર્ટ્સમાં કારકિર્દીનો મતલબ ખેલમાં નંબર -૧ બનવું જ નહિ, પરંતુ કોચ, સ્પોર્ટ્સ સોફ્ટવેર, સ્પોર્ટ્સ મેનેજમેન્ટ, રાઈટિંગ, ટ્રેનિંગ, ડાયટિશિન, ફિઝિયોથેરાપી જેવા આનુષંગિક ફિલ્ડને પણ કેરિયર તરીકે આપનાવી શકાય છે. આ માટે દેશમાં પ્રોફેશનલ સંસ્થાઓ ઊભી થઈ રહી છે. આ માટે જ **વર્ષ-૨૦૧૮મા મણિપુર નેશનલ સ્પોર્ટ્સ યુનિવર્સિટી સ્થપાઈ છે, જયારે ઉત્તરપ્રદેશમાં મેજર ધ્યાનચંદ યુનિવર્સિટી ઊભી થઈ રહી છે. હરિયાણાના આઈઆઈએમ-રોહતકમાં સ્પોર્ટ્સના પીજી પ્રોગ્રામ ચાલી રહ્યા છે તો ગુજરાતની સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી પણ સ્પોર્ટ્સમાં કારકિર્દી બનાવવા માટેનાં ઉત્તમ સ્થળો છે.**

ગુજરાતમાં સ્પોર્ટ્સની ઈકો-સિસ્ટમને વધુ વ્યાપક બનાવવા માટે તાલુકા અને જિલ્લા સ્તરે સ્પોર્ટ્સ સંકુલ બનાવાઈ રહ્યાં છે, જે સરાહનીય બાબત છે તેમ જણાવતાં વડાપ્રધાનશ્રીએ જણાવ્યું હતું કે, રાજયના વિશાળ દરિયાઈ સંસાધનને ધ્યાને રાખતાં આ ક્ષેત્ર માટે પણ **બીચ સ્પોર્ટ્સની સંભાવના માટે વિચારવું જોઈશે. આપ રમશો-ફિટ રહેશો તો રાષ્ટ્રનિર્માણ કરી શકશો અને 'નયા ભારત'ના સ્વપ્નને સાકાર કરી શકશો.** શ્રી મોદીએ ખેલને પ્રોત્સાહન આપવા વાલીઓને તેમના બાળકોને તાકીદ કરી હતી અને ભારપૂર્વક જણાવ્યું હતું કે, **આખું ગામ મળીને-હાજર રહીને, કશું નહિ તો તાળીઓ દ્વારા પણ રમત રમતા યુવાઓને પ્રોત્સાહન આપી શકે છે.**



# રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીનું અત્યાધુનિક ભવન રાષ્ટ્રને સમર્પિત




# જ્યારે લોકો હવે ખાખીને જુએ છે, ત્યારે તેઓને મદદની ખાતરી મળે છે - શ્રી નરેન્દ્રભાઈ મોદી

૧૨ માર્ચના દિવસના વિશેષ મહત્ત્વનું સ્મરણ કરીને પ્રધાનમંત્રીશ્રીએ મહાકૂચ કરનાર મહાત્મા ગાંધી અને દાંડીકૂચમાં સહભાગી થનાર વીર આંદોલનકારીઓને શ્રદ્ધાંજલિ આપીને ઉમેર્યું હતું કે, **'અંગ્રેજોના અન્યાય સામે ગાંધીજીના નેતૃત્વ હેઠળની આ ચળવળએ બ્રિટિશ સરકારને આપણા ભારતીયોની સામૂહિક શક્તિનો અહેસાસ કરાવ્યો હતો.'**

શ્રી મોદીએ **પોલીસ અને સુરક્ષા કર્મચારીઓની છબી બદલવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.** લોકપ્રિય સંસ્કૃતિમાં પોલીસનું નિરૂપણ પણ આ સંદર્ભમાં મદદ કરતું નથી. કોરોના મહામારી દરમિયાન પોલીસ કર્મચારીઓ દ્વારા કરવામાં આવેલાં માનવીય કાર્યોની નોંધ પણ તેમણે લીધી છે. 'સ્વતંત્રતા પછી, દેશના સુરક્ષા વિભાગમાં સુધારાની જરૂર હતી. એક ધારણા વિકસાવવામાં આવી હતી કે આપણે ખાખીથી સાવચેત રહેવું જોઈએ. પરંતુ હવે તેમાં પરિવર્તન આવ્યું છે. જ્યારે લોકો હવે ખાખીને જુએ છે, ત્યારે તેઓને મદદની ખાતરી મળે છે',એમ તેમણે ઉમેર્યું હતું.

પોલીસ કર્મચારીઓને સંયુક્ત પરિવારના સપોર્ટ નેટવર્કના અભાવને કારણે તણાવગ્રસ્ત પરિસ્થિતિનો સામનો કરવો પડી રહ્યો છે. સુરક્ષા દળોમાં તણાવ મુક્ત રહેવા માટે યોગ નિષ્ણાતોની જરૂરિયાત પર ભાર મૂકી શ્રી મોદીએ કહ્યું કે, **'દેશના સુરક્ષા દળને મજબૂત કરવા માટે તણાવમુક્ત તાલીમ પ્રવૃત્તિઓ એ સમયની જરૂરિયાત છે.'**

સુરક્ષા અને પોલીસિંગના કામમાં ટેકનોલોજીના મહત્ત્વ પર ભાર મૂકી શ્રી મોદીએ કહ્યું કે, **જો ગુનેગારો ટેક્નોલોજીનો ઉપયોગ કરતા હોય તો તેમને પકડવા માટે પણ ટેક્નોલોજીનો ઉપયોગ કરવો આવશ્યક છે.** ટેક્નોલોજી પરનો આ ભાર દિવ્યાંગ લોકોને પણ આ ક્ષેત્રમાં યોગદાન આપવા સક્ષમ બનાવશે.

શ્રી મોદીએ ઉમેર્યું કે, ગાંધીનગર વિસ્તારમાં નેશનલ લૉ યુનિવર્સિટી, રક્ષા યુનિવર્સિટી અને ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી છે. તેમણે આ સંબંધિત ક્ષેત્રોમાં સર્વગ્રાહી શિક્ષણનું નિર્માણ કરવા માટે નિયમિત સંયુક્ત પરિસંવાદો દ્વારા આ સંસ્થાઓ વચ્ચે તાલમેલની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે, **'ક્યારેય આને પોલીસ યુનિવર્સિટી માનવાની ભૂલ ન કરો. આ એક રક્ષા યુનિવર્સિટી છે જે દેશની સંપૂર્ણ સુરક્ષાનું ધ્યાન રાખે છે.'**



## લો યુનિવર્સિટી, રક્ષાશક્તિ યુનિવર્સિટી અને ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીના નિર્માણ થકી કાયદો અને વ્યસ્થાના શિક્ષણની સુદૃઢ માળખાની રચના દીર્ઘદૃષ્ટા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કરી હતી - કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ

કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે કહ્યું કે, રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ આત્મ-સુરક્ષિત રાષ્ટ્રના નિર્માણમાં પોતાનું યોગદાન આપશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી હતા તે સમયે રાજ્યની જવાબદારી એવા કાયદો અને વ્યવસ્થાના વિષયને એક હોલિસ્ટિક એપ્રોચથી જોવાની શરૂઆત કરી હતી. રાજ્યના પોલીસ તંત્રને આધુનિક કરવાની નેમ સાથે રાજ્યનાં તમામ પોલીસ સ્ટેશનો કોમ્પ્યુટરાઈઝ કર્યાં અને તમામ પોલીસ સ્ટેશનને એક કનેક્ટિવિટીથી જોડ્યાં હતાં. આધુનિક સોફ્ટવેર તૈયાર કરી સેવામાં કાર્યરત પોલીસ કર્મીઓને કોમ્પ્યુટરની ટ્રેનીંગ આપી હતી. ત્યાર બાદ જેલ અને ફોરેન્સિક લેબને પણ આ સિસ્ટમ સાથે જોડવામાં આવ્યાં હતાં.

તેમણે ઉમેર્યું કે, લો યુનિવર્સિટી, રક્ષાશક્તિ યુનિવર્સિટી અને ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીના નિર્માણ થકી કાયદો અને વ્યવસ્થાના શિક્ષણની સુદૃઢ માળખાની રચના દીર્ઘદૃષ્ટા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ કરી હતી. યુવાઓમાં એક પરિવર્તનની જરૂર છે. યુવાઓ પોતે કારકિર્દી માટે એક વિષય નક્કી કરે અને એ વિષય હેતુ તેમને ખાસ તાલીમ આપવામાં આવે તો જ તે યુવા જે તે વિષયમાં પોતે નિષ્ણાત બની શકે છે.

શ્રી અમિતભાઈ શાહે ઉમેર્યું કે, દેશનું કોઈ પણ ક્ષેત્ર હોય આર્થિક ક્ષેત્ર, સામાજિક ક્ષેત્ર, બાહ્ય સુરક્ષા કે પછી આંતરિક સુરક્ષા હોય તેમાં જરૂરી માળખાકીય સુધારા કરવામાં આવ્યા છે. આવનારા દિવસોમાં આ રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીનો વ્યાપ વધશે અને એક આત્મ સુરક્ષિત રાષ્ટ્રની દિશામાં આમૂલ પરિવર્તન આવશે.

તેમણે વિદ્યાર્થીઓને અનુરોધ કર્યો હતો કે, તેઓએ માનવતાના મૂલ્યોને હંમેશા તેમની વર્દીમાં અભિન્ન રાખવા જોઈએ અને તેમના પ્રયાસોમાં ક્યારેય સેવાભાવનાની કમી ન હોવી જોઈએ. તેમણે સુરક્ષા ક્ષેત્રમાં મહિલાઓની વધતી જતી સંખ્યાની સંતોષ સાથે નોંધ લઈ ઉમેર્યું કે 'અમે સંરક્ષણ ક્ષેત્રમાં મહિલાઓની વધુ ભાગીદારી જોઈ રહ્યા છીએ. વિજ્ઞાન હોય, શિક્ષા હોય કે સુરક્ષા હોય, મહિલાઓ અગ્રેસર રહીને નેતૃત્વ કરી રહી છે.'

## પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની ગુજરાતને વધુ એક નવતર ભેટ વિશ્વના સૌપ્રથમ WHO ગ્લોબલ સેન્ટર ફોર ટ્રેડિશનલ મેડિસિનની સ્થાપના થશે

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વની કેન્દ્ર સરકારે ગુજરાતના જામનગરમાં WHO ગ્લોબલ સેન્ટર ફોર ટ્રેડિશનલ મેડિસિનની સ્થાપના માટે આપેલી મંજૂરી માટે વડાપ્રધાનશ્રી અને કેન્દ્રીય મંત્રીમંડળનો હૃદયપૂર્વક આભાર માન્યો છે. આયુષ મંત્રાલય હેઠળ જામનગરમાં આ WHO ગ્લોબલ સેન્ટર ફોર ટ્રેડિશનલ મેડિસિનની સ્થાપના કરાશે જે સમગ્ર વિશ્વમાં પરંપરાગત દવાઓ માટે પ્રથમ અને એકમાત્ર ગ્લોબલ સેન્ટર હશે.

જામનગરમાં સ્થપાનારું આ સેન્ટર સમગ્ર વિશ્વમાં આયુષ પ્રણાલીઓને સ્થાન આપવા માટે પરંપરાગત દવાને લગતી વૈશ્વિક આરોગ્ય બાબતો પર નેતૃત્વ પૂરું પાડશે તેમજ પરંપરાગત દવાઓની ગુણવત્તા, સલામતી અને અસરકારકતા, સુલભતા અને તર્કસંગત ઉપયોગની ખાતરી કરવામાં ઉપયોગી થશે. એટલું જ નહિ, WHO GCTM પરંપરાગત દવા સંબંધિત તમામ વૈશ્વિક સ્વાસ્થ્ય બાબતો પર નેતૃત્વ પૂરું પાડશે તેમજ પરંપરાગત દવા સંશોધન, પ્રથાઓ અને જાહેર આરોગ્ય સંબંધિત વિવિધ નીતિઓ ઘડવામાં સભ્ય દેશોને સમર્થન આપશે.

વડાપ્રધાનશ્રીએ આ અગાઉ ૧૩મી નવેમ્બર ૨૦૨૦એ જામનગરમાં ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટીચિંગ એન્ડ રિસર્ચ ઈન આયુર્વેદ (ITRA)ને ઈન્સ્ટિટ્યૂટ ઓફ નેચરલ ઈમ્પોર્ટન્સ રાષ્ટ્રીય મહત્ત્વના સંસ્થાન તરીકે જાહેર કરીને ગુજરાતને આરોગ્યક્ષેત્રે એક ભેટ આપી હતી.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું છે કે, હવે આ WHO GCTMની વધુ એક નવતર ભેટ દ્વારા પ્રધાનમંત્રીશ્રીએ જન આરોગ્ય સુખાકારી ક્ષેત્રમાં ગુજરાતની અગ્રેસરતાની નવી દિશા ખોલી આપી છે.





# સુજલામ્-સુફલામ્ જળ અભિયાનના પાંચમા તબક્કાનો રાજ્યવ્યાપી પ્રારંભ



## પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ જળશક્તિ સાથે જનશક્તિ જોડી જળસંચય-જળસિંચન-જળવ્યવસ્થાપનથી ગુજરાતને વોટર ડેફિસીટ સ્ટેટમાંથી વોટર સરપ્લસ સ્ટેટ બનાવ્યું છે - મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ

ગુજરાતમાં ભૂગર્ભ જળસ્તર ઊંચા લાવવા તથા જ્યાં જેટલો વરસાદ થાય ત્યાં જ તેનો સંગ્રહ થાય તેવા ઉમદા હેતુસર લોકજાગૃતિ કેળવવા વર્ષ ૨૦૧૮થી આ જળ અભિયાન ઝુંબેશરૂપે હાથ ધરવામાં આવે છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પાણીને વિકાસનો મુખ્ય આધાર ગણાવતાં આ પ્રસંગે કહ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જળશક્તિનો મહિમા કરીને તેને જનશક્તિ સાથે જોડીને ગુજરાતને વોટર ડેફિસીટ સ્ટેટમાંથી વોટર સરપ્લસ સ્ટેટ બનાવ્યું છે.

ચેકડેમ, બોરીબંધ, સુજલામ્-સુફલામ્ યોજના, નર્મદા કેનાલ નેટવર્ક, સૌની યોજના જેવા જળસંચય, જળસિંચન અને જળસંગ્રહ આયામોથી રાજ્યમાં ભૂગર્ભ જળસ્તર ઊંચાં આવ્યાં છે. ખેડૂતોના ખેતરે ખેતરે પાણી પહોંચ્યું છે.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું કે આ સુજલામ્ સુફલામ્ અભિયાનને પરિણામે ભૂગર્ભ જળસ્તર ઊંચાં આવશે અને માત્ર માનવી જ નહિ, પશુ-પંખી સૌને પૂરતું પાણી મળતું થશે.

શ્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે આપણે પાણી બચાવી, વીજળી બચાવી દેશસેવા કરી શકીએ એટલું જ નહિ, જળ આત્મનિર્ભરતા દ્વારા આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત સાકાર કરવા પણ તેમણે પ્રેરણા આપી હતી.

તેમણે આ સંદર્ભમાં કહ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ હર ઘર જલ અન્વયે 'નલ સે જલ'નું જે અભિયાન ઉપાડયું છે તેમાં પણ ગુજરાત અગ્રેસર રહેશે.

રાજ્યમાં ૨૦૨૨ના અંત સુધીમાં 'હરેક ઘર કો નલ સે જલ'ની ૧૦૦ ટકા નેમ સાકાર કરવાની પ્રતિબદ્ધતા પણ તેમણે વ્યક્ત કરી હતી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ઓછા પાણીએ તથા રાસાયણિક ખાતરમુક્ત પ્રાકૃતિક ખેતી અપનાવી સાચા અર્થમાં ધરતીમાતાને સુજલામ્ સુફલામ્ બનાવવા આ અભિયાનમાં વધુ ને વધુ લોકો જોડાય તેવું પ્રેરક આહ્વાન કર્યું હતું

પાંચમા તબક્કાના આ સુજલામ્ સુફલામ્ જળ અભિયાન અન્વયે તા. ૩૧ મે ૨૦૨૨ સુધીમાં સમગ્ર રાજ્યમાં ૧૩ હજારથી વધુ કામ હાથ ધરવામાં આવશે.

આ વર્ષે આવાં કામો દ્વારા જળસંગ્રહશક્તિમાં ૧૫ હજાર લાખ ઘન ફૂટ જેટલો વધારો થવાનો અંદાજ છે. મનરેગા હેઠળ થનારાં કામોમાં આ અભિયાન અંદાજે ૨૫ લાખ કરતાં વધુ માનવદિન રોજગારી પૂરી પાડશે.

વર્ષ ૨૦૧૮થી વર્ષ ૨૦૨૧ના વર્ષોમાં સુજલામ્ સુફલામ્ જળ અભિયાન અંતર્ગત ૫૬૬૯૮ કામો થયાં છે. ૨૧૪૦૨ તળાવો ઊંડાં કરવાના અને નવાં તળાવોનાં કામો તથા ૧૨૦૪ નવા ચેકડેમનાં કામો અને ૫૦૩૫૩ કિલોમીટર લંબાઈમાં નહેરો અને કાંસની સાફ-સફાઈનાં કાર્યો કરવામાં આવ્યાં છે.

૪ વર્ષમાં આ કામોના પરિણામે કુલ ૬૧૭૮૧ લાખ ઘન ફૂટ જેટલો જળસંગ્રહક્ષમતામાં વધારો થયો છે આ ઉપરાંત ૧૫૬.૯૩ લાખ માનવદિન રોજગારી ઊભી થઈ છે.



# સમગ્ર દેશનાં કોઈ રાજ્યમાં ગુજરાત-સૌરાષ્ટ્ર જેટલાં સેવાકીય કાર્યો કરવાવાળા સંતો બીજે ક્યાંય નથી - શ્રી સી. આર. પાટીલ



પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલે સંબોધન કરતાં જણાવ્યું કે, આપણું રાજ્ય સંતોના આશીર્વાદથી પ્રભાવિત છે અને એટલા જ માટે રાજકોટ અને સૌરાષ્ટ્રના પરિસરમાં સંતો અને મહંતો પોતાના સ્થાન, આશ્રમો, મઠો દ્વારા જે લોકોની સેવા કરે છે અને એટલા જ માટે સમગ્ર સૌરાષ્ટ્રના પંથકમાં અનેક સંસ્થાઓ એમાંથી પ્રેરણા લઈને સેવાકીય પ્રવૃત્તિઓ કરતી હોય છે. સમગ્ર દેશમાં કોઈ રાજ્યમાં ગુજરાત સહિત સૌરાષ્ટ્ર જેટલા સેવાકીય કાર્યો કરવાવાળા સંતો અન્ય કોઈ જગ્યાએ નથી. દરેક સેવાકીય પ્રવૃત્તિ થકી નાનામાં નાના માણસને મદદ કરવા માટેનો આ સંતો પ્રયત્ન કરતા/ હોય છે અને તેના કારણે સામાન્ય માણસની મુશ્કેલીઓ દૂર થાય છે અને એમના આશીર્વાદના કારણે એમની મુશ્કેલીઓમાંથી બહાર નીકળવા માટેનો રસ્તો પણ મળતો હોય છે. સંતો ધર્મની રક્ષા માટે ભેગા થાય એના માટે જિલ્લા પ્રમાણે, તાલુકા પ્રમાણે સંગઠન બનાવ્યું છે. પોલિટિકલ પાર્ટીની જેમ અખિલ ભારતીય સંત સમિતિએ પણ ૨૦ જિલ્લાઓમાં સંગઠન બનાવ્યું છે. લગભગ ૬૧ તાલુકાઓની અંદર સંગઠનની રચના કરી છે અને આજે પણ સંતોને અલગ-અલગ જવાબદારી અહીના સંતશ્રીએ આપી છે અને આ રીતે હિંદુ ધર્મનો પ્રચાર થાય અને હિંદુ ધર્મ પર કોઈ આપત્તિ આવે અને એ આપત્તિનાં સમયમાં સૌ સાથે મળી આ મુશ્કેલીમાંથી બહાર નીકળે તેવા પ્રયત્નો કર્યા છે. અનેક મંદિરો જેને જીર્ણોદ્ધારની જરૂરિયાત હતી તેવા મંદિરોને આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ પૂરાં કરવાનું બીડું ઉપાડ્યું છે.

પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલે રામમંદિરની વાત કરતાં જણાવ્યું કે, રામ મંદિરની વાત હોય તો રામમંદિર મેનિફેસ્ટોમાં લખતી વખતે કોઈને વિશ્વાસ નહોતો કે રામ મંદિરનું નિર્માણ ક્યારે થશે, ભારતીય જનતા પાર્ટી દર ચૂંટણી વખતે પહેલો મુદ્દો રામમંદિર નિર્માણની વાત પર થતો હતો. પરંતુ આ કોઈ જુમલો નહોતો, આ મુદ્દો કોઈ પ્રજા પાસેથી મત માંગવાની વાત નહોતી. એની પાછળ ભાવના અને મક્કમતા હતી. આજે જે રીતે રામમંદિર નિર્માણનું કામ થઈ રહ્યું છે આવનારા થોડાક જ સમયમાં એ પૂર્ણ થઈ જશે. કાશી વિશ્વનાથ મંદિર જર્જરિત અવસ્થામાં હતું, મંદિર ગંગાજીના તટે હોવા છતાં ગંગાજીનાં દર્શન નહોતા થઈ શકતા. આ પૃથ્વી પર જ્યારે મા ગંગા ઊતર્યાં ત્યારે ભગવાનશ્રી શિવજીની જટામાં એમણે આશરો લઈ પ્રવેશ કર્યો પરંતુ મા ગંગા ન મહાદેવજીને જોઈ શકતાં હતાં ન મહાદેવ મા ગંગાને જોઈ શકતા હતા. આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ એ રીતે મંદિરનું નિર્માણ કર્યું છે કે મંદિરમાંથી મા ગંગાનાં દર્શન થઈ શકે અને ગંગાના તટ પરથી ભગવાનશ્રી મહાદેવજીનાં પણ દર્શન થઈ શકે છે એ પ્રકારનું ડેવલોપમેન્ટ થયું છે.

શ્રી સી.આર.પાટીલે વધુમાં જણાવ્યું કે, માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતના પ્રવાસમાં હતા અને ૦૪ રાજ્યમાં ભવ્ય વિજય મેળવ્યા પછી પહેલી વાર ગુજરાતમાં આવતા હતા. ગુજરાતના તમામ જિલ્લાઓમાંથી શુભેચ્છકો, કાર્યકર્તાઓ આવ્યા હતા, વિવધ સમાજો અને સંસ્થાઓ દ્વારા એરપોર્ટથી શ્રી કમલમ્ સુધી લગભગ સાડા આઠ કિલોમીટર જે રીતે એમનું સન્માન થયું જે રીતે રોડ-શો થયો તેથી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ પણ કહ્યું કે, રોડ-શો તો અનેક કર્યા પરંતુ આ હાઈવે પર પ્રજાનો પ્રેમ દેખાયો એ જ રીતે મારી લાગણી પણ અખૂટ હતી. આ કાર્યક્રમ સમગ્ર દેશ અને દુનિયાએ જોયો છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાત આવ્યા ત્યારે સોમનાથ ટ્રસ્ટની મીટિંગનું આયોજન પણ થયું અને જે અંતર્ગત સોમનાથ મંદિરને સોનાથી મઢવાનો ઠરાવ પસાર કર્યો છે. સાધુ સંતોની ઈચ્છા હતી કે મંદિરોનો જીર્ણોદ્ધાર થવો જોઈએ એને માન આપ્યું છે. જે રીતે મંદિરોમાંથી પ્રેરણા મળે છે, શક્તિ મળે છે, આ મંદિરોમાં આવનારા દરેક વ્યક્તિઓ આસ્થા સાથે આવીને સંકલ્પ લઈ જાય છે અને એ સંકલ્પ પાળે છે. સંતોની અપેક્ષાઓ હોય છે કે સરકાર સંતોની લાગણી ધ્યાનમાં લે અને એટલા જ માટે આ વર્ષના બજેટની અંદર મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સરકારે માંગણીઓને મંજૂર કરી છે. અંતે જણાવ્યું કે સંતોના આશીર્વાદ હરહંમેશ પ્રજાનીઓ સાથે રહે તેવી લાગણી પણ વ્યક્ત કરી.



## ૬ઠ્ઠી એપ્રિલ : ભાજપ સ્થાપના દિન

# ભાજપ

# સક્ષમ નેતૃત્વ અને સમર્પિત કાર્યકર્તાઓના સંકલ્પબળ દ્વારા વિચાર, વિકાસ અને વિશ્વાસનું રાષ્ટ્ર નિર્માણ

'મનોગત'ની વર્ષોની પરંપરા અનુસાર દર વર્ષે ૬ઠ્ઠી એપ્રિલ, ભાજપના સ્થાપના દિન નિમિત્તે મનોગતમાં ભાજપના લાખો કાર્યકર્તાઓને માર્ગદર્શક, પ્રેરણાદર્શક અને માહિતીદર્શક બની રહે તે પ્રકારના લેખો પ્રસિદ્ધ કરતાં આવ્યા છીએ. આ વખતે પણ ભાજપના સ્થાપના દિન નિમિત્તે એક અલગ પ્રકારનો માહિતીદર્શક લેખ પ્રસિદ્ધ કરીએ છીએ જે કાર્યકર્તાઓને ઉપયોગી અને પસંદ પડશે એવી અપેક્ષા સહ.

### ભારતીય જનસંઘની સ્થાપના

- ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જીને દેશમાં હિન્દુત્વાદી રાજકીય પાર્ટીની જરૂરિયાત જણાતાં ૨૧ ઑક્ટોબર, ૧૯૫૧ના રોજ ભારતીય જનસંઘની સ્થાપના કરી.
- રા. સ્વ. સંઘે જનસંઘના વિકાસ-વિસ્તાર માટે સંઘના કસાયેલા કાર્યકરો - પ્રચારકોને જનસંઘમાં સંગઠનની મહત્ત્વની જવાબદારીઓ સોંપી.
- સંઘે જનસંઘના પં. દીનદયાલ ઉપાધ્યાય, નાનાજી દેશમુખ, કુશાભાઉ ઠાકરે, સુંદરસિંહ ભંડારી અને અટલબિહારી વાજપેયી જેવા મૂલ્યનિષ્ઠ કાર્યકર્તાઓ આપ્યા.
- કાશ્મીર મુદ્દે જનસંઘે રાષ્ટ્રવ્યાપી જબ્બર આંદોલન ચલાવ્યું.
- જનસંઘ એકમાત્ર રાષ્ટ્રવાદી રાજકીય પક્ષ છે એવી વાત લોકો માનવા લાગ્યા.
- ૧૯૫૨માં પ્રથમ લોકસભામાં જન સંઘની ૩ બેઠકો આવી ત્યારે જવાહરલાલ નહેરુ બોલી ઊઠ્યા હતા કે, 'આઈ શેલ ક્રશ જનસંઘ' (હું જનસંઘને કચડી નાંખીશ) પ્રત્યુત્તરમાં ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જી બોલ્યો હતા કે 'વી શેલ ક્રશ યોર મેન્ટાલિટી (અમે તમારી વિધ્વંશક માનસિકતાનો વિનાશ કરીશું)
- ૫-૬ એપ્રિલ, ૧૯૮૦ના બે દિવસીય રાષ્ટ્રીય અધિવેશન દિલ્હીના ફિરોજશાહ કોટલા મેદાનમાં ૩૫૦૦થી વધુ પ્રતિનિધિઓ સાથે યોજાયું.
- ૬ એપ્રિલે દેશમાં એક નવા રાજનૈતિક દળ 'ભારતીય જનતા પાર્ટી'નો ઉદય થયો. શ્રી અટલ બિહારી વાજપેયીજી પાર્ટીના સ્થાપક અધ્યક્ષ ચૂંટાયા.
- શ્રી અડવાણીજી, શ્રી સિકંદર બખ્ત અને સૂરજભાનની મહામંત્રી તરીકે નિમણૂક કરવામાં આવી.

### ભાજપાની સ્થાપના

- ૬ઠ્ઠી એપ્રીલ ૧૯૮૦માં સ્થાપેલા ભાજપાનું પ્રથમ રાષ્ટ્રીય અધિવેશન મુંબઈના બાન્દ્રા પાસે, ૨૮ ડિસેમ્બર ૧૯૮૦માં યોજાયું.
- ભાજપના સ્થાપક અધ્યક્ષ માન. શ્રી અટલ બિહારી વાજપેયીજીએ તેમના સવા કલાકના અધ્યક્ષીય પ્રવચનમાં કાર્યકર્તાઓને મંત્રમુગ્ધ કરી દીધા. પ્રવચન દરમિયાન ૨૨ વખત તાળીઓ પડી.
- શ્રી અટલજીના પ્રવચનની શરૂઆતના શબ્દો હતા 'ભાજપાનું અધ્યક્ષપદ કોઈ અલંકારની વસ્તુ નથી. આ પદ નહિ, જવાબદારી છે. પ્રતિષ્ઠા નહિ, પરીક્ષા છે, અધિકાર નહિ, અવસર છે'
- ભાજપની પંચનિષ્ઠાઓ સૌને આકર્ષી ગઈ. સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ, લોકતંત્રમાં વિશ્વાસ, એકાત્મ માનવદર્શન, હકારાત્મક બિન સાંપ્રદાયિકતા અર્થાત્ સર્વધર્મ સમભાવ અને મૂલ્યનિષ્ઠ રાજનીતિ.

### વિચારધારાને મહત્ત્વ

- સાંસ્કૃતિક રાષ્ટ્રવાદની વિચારધારા.

હેમત ગોહિલ (જામનગર)



- રાષ્ટ્ર સમક્ષ એક સ્પષ્ટ નીતિ, અડીખમ સંકલ્પો.
- લોકતંત્રના મજબૂતીકરણ માટે પ્રતિબદ્ધ.
- દેશની મુખ્ય સમસ્યાઓના સમાધાન માટે વિશેષ વિચારો.
- સમરસતાના હિમાયતી.
- રાજકીય ક્ષેત્રના માધ્યમ દ્વારા સામાજિક ક્ષેત્રનાં સેવાકાર્યો.
- રાષ્ટ્રીય એકતા, અખંડિતતા અને દેશપ્રેમની વિચારધારાને પ્રાધાન્ય.

### વિશ્વની સૌથી મોટી રાજકીય પાર્ટી

- સન ૨૦૧૯ની સભ્ય ઝુંબેશ અનુસાર દેશના ૧૮ કરોડ નાગરિકો એવા છે જેઓ ભાજપના નોંધાયેલા સભ્યો છે.
- આમ દેશના ૧૪ ટકા નાગરિકો ભાજપના સભ્યો છે.
- આઝાદી પછીનાં ૭૫ વર્ષના વહાણાં વીતી ગયાં છતાં કોંગ્રેસની સભ્ય સંખ્યા ૧.૮ કરોડથી વધી નથી. આ સભ્ય સંખ્યામાં દિન-પ્રતિદિન ઘટાડો થતો જાય છે.
- આ વર્ષમાં ભાજપની સભ્ય નોંધણી ઝુંબેશમાં ભાજપના ૧૮ કરોડથી સભ્ય સંખ્યા વધીને ૨૫ કરોડને પાર પહોંચશે એવું અનુમાન છે.
- વિશ્વની સૌથી વધુ વસ્તી ધરાવતા ચીનમાં સરમુખત્યારી જેવી પકડ ધરાવતી જિનપીંગની ચાઈનીઝ કોમ્યુનિસ્ટ પાર્ટીના ૯ કરોડ આસપાસ સભ્યો છે. ચાઈનીઝ કોમ્યુનિસ્ટ પક્ષ ૧૦૦ વષ જૂનો પક્ષ છે.
- અમેરિકામાં હાલમાં જેનું શાસન છે તેવા ડેમોક્રેટિક પક્ષની સભ્ય સંખ્યા ૫ કરોડ આસપાસ છે. બીજા સામા પક્ષે રિપબ્લિકન પક્ષની સભ્ય સંખ્યા ૩.૫ કરોડ આસપાસ છે.
- ડેમોક્રેટિક પક્ષ ૧૯૫ વર્ષ જૂનો છે, જ્યારે રિપબ્લિક પક્ષ ૧૬૮ વર્ષ જૂનો પક્ષ છે.
- ભારતમાં કોંગ્રેસની સ્થાપના ૧૮૮૫ની સાલમાં થઈ હતી. જ્યારે ભાજપની સ્થાપના ૧૯૮૦ની સાલમાં થઈ હતી. તો પણ ભાજપની લોકપ્રિયતા અને દેશની સોચ બદલવાની હરણફાળ અકલ્પનીય છે.
- બ્રિટનના મુખ્ય બે પક્ષો પૈકી કન્ઝરવેટિવ પક્ષ ૧૮૮ વર્ષ અને લેબર પાર્ટી ૧૨૨ વર્ષ જૂના પક્ષો હોવા છતાં ભાજપ જેટલી લોકપ્રિયતા તેમને મળી નથી.

### વિશાળ સંગઠન

- વિની સૌથી મોટી રાજકીય પાર્ટી.
- નિયમો મુજબ સંગઠનની આંતરિક - ચૂંટણીઓ કરનાર દેશનો એક માત્ર રાજકીય પક્ષ.
- રાષ્ટ્રીય કક્ષાએથી તાલુકા કક્ષા સુધી કાર્યરત કાર્યકર્તાઓ.
- મૂલ્યો અને વિચારધારાને વરેલો પક્ષ હોવાથી લોકો હોંશે-હોંશે પક્ષમાં જોડાય છે.
- દેશમાં ભાજપના ૧૮ કરોડથી વધુ પ્રાથમિક સભ્યો નોંધાયેલા છે. દરેક ક્ષેત્રના કાર્યકર્તાઓ પક્ષમાં કાર્યરત. ખેડૂતો, વ્યાપારીઓ, મજદૂરો, ડૉક્ટરો, વકીલો, ઉદ્યોગપતિઓ, મહિલાઓ તથા વિવિધ ક્ષેત્રના બુદ્ધિજીવીઓ પક્ષમાં સક્રિય.

### કર્મઠ કાર્યકર્તાઓ

- દેશમાં જ નહિ પણ, દુનિયામાં એકમાત્ર ભાજપ જ કાર્યકર્તાઓનો પક્ષ ગણાય છે.
- ભાજપની આન, બાન અને શાનનું પ્રતીક તેના કાર્યકર્તાઓ છે.
- કાર્યકર્તાઓ ભાજપની મૂડી ગણાય છે.
- કાર્યકર્તાઓ સક્ષમ, ત્યાગી, નિષ્ઠાવાન અને કર્તવ્યવાન છે.
- કાર્યકર્તાઓની તાકાત અને તપસ્યાના કારણે પાર્ટીની તાકાત ઊભી થઈ છે.
- કાર્યકર્તાઓમાં પ્રબળ પારિવારિક ભાવના છે.
- રાજનીતિમાં હોવા છતાં નિઃસ્વાર્થ ભાવે સામાજિક કાર્યોમાં સેવારત રહે છે.

### રચનાત્મક આંદોલનો

- જનસંઘથી લઈ ભાજપા સુધી પક્ષના વિકાસ - વિસ્તારનાં કાર્યકર્તાઓએ ચલાવેલાં રચનાત્મક આંદોલનો અને કાર્યક્રમોનો મોટો ફાળો રહ્યો છે.
- ૧૯૫૨ કાશ્મીર પ્રશ્ને જનસંઘે રાષ્ટ્રવ્યાપી જબ્બર આંદોલન ચલાવેલ. ૧૪, ડિસેમ્બર, ૧૯૫૨ માં ભારતબંધનું એલાન આપેલ.
- અયોધ્યા - રામમંદિરનું આંદોલન આઝાદી પછીનું સૌથી વિરાટ આંદોલન હતું.
- સન ૧૯૬૫માં પાકિસ્તાને ભારતની કચ્છ સીમા પર હુમલો કરી કચ્છના ઘણા સરહદી વિસ્તારો પર કબજો કરી લીધો. તે સમયની કોંગ્રેસ સરકારે યુદ્ધ



વિરામ કરી સમજૂતીમાં કચ્છનો ઘણો વિસ્તાર પાકિસ્તાન પાસે રહેવા દીધો.

- જનસંઘે આ કચ્છ સમજૂતી કરારના વિરોધમાં દેશભરમાં વિરાટ આંદોલન ચલાવ્યું. દેશભરમાં રેલીઓ, રસ્તા રોકો, જનસભાઓ યોજી વિરોધ કર્યો.
- કચ્છ કરારના વિરોધમાં જનસંઘે યોજેલ રેલીમાં પાંચ લાખની વિરોધ રેલી લાલ કિલ્લાથી સંસદ ભવન સુધી શિસ્તબદ્ધ રીતે ચાલીને ગઈ.
- સન ૧૯૭૪માં સફળ નવ નિર્માણ આંદોલન.
- સન ૧૯૭૫માં કોંગ્રેસે દેશ પર લાદેલ કટોકટી વિરુદ્ધ ઐતિહાસિક દેશવ્યાપી આંદોલન.
- શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભૂગર્ભમાં રહી સફળ રીતે કટોકટી વિરુદ્ધ આંદોલનને રાષ્ટ્રવ્યાપી વેગ આપ્યો.
- પ્રથમ કારસેવામાં માન. શ્રી અડવાણીજી રામ રથ લઈ કારસેવા કરવા ગયા.
- પૂર્વોત્તરનાં રાજ્યોમાં ધર્માંતરના વિરોધમાં આંદોલન.

### રાજનીતિ અને સેવાકાર્યોનો સુભગ સમન્વય

- કુદરતી આફતો સમયે આફતને અવસરમાં બદલવાની કાર્યકર્તાઓમાં ગજબની તાકાત, આફતો સમયે કાર્યકર્તાઓ તન, મન અને ધન દ્વારા સેવાકાર્યો કરે છે.
- સેવાકાર્યોમાં જરા પણ ભેદભાવ નહિ.
- ભાજપા શાસનમાં વિશ્વનું શ્રેષ્ઠ ડિઝાસ્ટર મેનેજમેન્ટ.
- આફત સમયનાં સેવાકાર્યો દુનિયાએ વખાણ્યાં છે.
- રાજનીતિમાં કાર્યરત કાર્યકર્તાઓ નિઃસ્વાર્થ ભાવે સેવાકાર્યોમાં જોડાય છે . એવો સુભગ સમન્વય માત્ર ભાજપમાં જોવા મળે છે.

### મૂલ્યનિષ્ઠ નેતૃત્વ

- એકાત્મ માનવદર્શનના પ્રણેતા પંડિત દીનદયાળ ઉપાધ્યાય.
- કાશ્મીર મુદ્દે શહીદી વહોરનાર જનસંઘના આદ્ય સ્થાપક ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જી.
- વિચારધારાને વરેલા ભાજપાના પૂર્વ અધ્યક્ષ માન. શ્રી કુશાભાઉ ઠાકરે.
- મુઠ્ઠી ઊંચેરા માનવી માન. શ્રી સુંદરસિંહ ભંડારીજી.
- ઋષિતુલ્ય માન. શ્રી નાનાજી દેશમુખ.
- જલકમલવત્ મા. શ્રી અટલ-બિહારી વાજપેયીજી.
- મૂલ્યનિષ્ઠ રાજપુરુષ માન. શ્રી લાલકૃષ્ણ અડવાણીજી. (ગુજરાતના મૂલ્યનિષ્ઠ રાજનેતાઓ)
- પક્ષ માટે જીવન સમર્પિત કરનાર માન. શ્રી વસંતભાઈ ગજેન્દ્ર ગડકર.
- ત્યાગમૂર્તિ માન. શ્રી નાથાલાલ ઝઘડા.
- કટોકટીકાળના પ્રખર સત્યાગ્રહી માન. શ્રી મકરંદભાઈ દેસાઈ.

### ભાજપની પંચનિષ્ઠાઓ

- સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ
- મજબૂત લોકતંત્ર
- એકાત્મક માનવદર્શન
- હકારાત્મક બિન સાંપ્રદાયિકતા (અર્થાત્ સર્વધર્મ સમભાવ)
- મૂલ્યો આધારિત રાજનીતિ

### વિચારધારાનું પ્રતીક ‘કમળ’

- ભાજપએ ૧૯૮૦માં તેના ચૂંટણી ચિહ્ન (પ્રતીક) તરીકે ‘કમળ’ની પસંદગી કરી.
- ભારતીય સંસ્કૃતિનાં વિભિન્ન પ્રતીકોમાં કમળ સૌથી અગ્રસ્થાને છે.
- કમળ એ સૌદર્યનું પ્રતીક છે.
- કાદવમાં કમળનું સર્જન કરી કુદરતે આપણને પરિસ્થિતિ નિરપેક્ષ જીવન જીવવાની પ્રેરણાનું અનોખું દર્શન કરાવ્યું છે.
- શ્રી અટલજીએ ‘કમળ’ના વિષયમાં લખ્યું છે કે, ‘કમળ જેવું મુખ’ કમળ જેવી આંખો, કમળ જેવી નાભિ, ભાગ્યે જ કોઈ અન્ય પુષ્પને કમળ જેટલું માન, મહત્ત્વ, સન્માન મળ્યું હશે. કમળના જેટલાં ગુણગાન ભાગ્યે જ અન્ય કોઈ પુષ્પનાં ગવાયાં હશે.
- ભાજપના સ્થાપના દિન ૬ઠ્ઠી એપ્રિલ, ૧૯૮૦ના રોજ શ્રી અટલજીએ કહ્યું હતું ‘અંધારું હટશે, સૂરજ નીકળશે અને કમલ સારાય દેશમાં ખીલશે.’

### ભાજપનો ધ્વજ

- દેશવાસીઓના આન, બાન અને શાનનું પ્રતીક ભારતનો તિરંગો છે. તેવી રીતે ભાજપના કાર્યકર્તાઓ માટે તેનો ધ્વજ મહત્ત્વનું સ્થાન ધરાવે છે.
- નવી રચાયેલ ભાજપા પાર્ટીએ નવા ચૂંટણીના ચિહ્ન તરીકે



જનસંઘના 'દીપક'નું સ્થાન 'કમળ'એ લઈ લીધું તેવી રીતે નવા ધ્વજને અપનાવવામાં આવ્યો. ધ્વજનો એક તૃતીયાંશ ભાગ લીલા કલરનો અને બે તૃતીયાંશ ભાગ કેસરી રાખવામાં આવ્યો છે. ધ્વજની વચ્ચે 'કમળ'નું ફૂલ રાખવામાં આવ્યું છે.

**ભાજપ સ્થાપના દિન નિમિતે આપણે સંકલ્પ લઈએ કે**

- પક્ષની રાષ્ટ્રવાદી, રાજકીય, સંગઠનાત્મક વિકાસયાત્રાને આગળ ધપાવવા હું સતત પ્રયત્નશીલ અને કર્તવ્યશીલ રહીશ.
- ભાજપા દેશની વધુ શક્તિશાળી અને સફળ પાર્ટી બને તેવા તમામ પ્રયાસ કરીશ.
- ભાજપાના કલ્યાણલક્ષી અને વિકાસલક્ષી નીતિઓ અને કાર્યોનો પ્રજામાં પ્રસાર કરીશ.
- સમાજ અને સત્તા વચ્ચે સેતુની ભૂમિકા નિભાવીશ.
- હકારાત્મક, રચનાત્મક અને વિચારાત્મક સંગઠનની પ્રવૃત્તિને વેગ આપીશ.
- હું રાષ્ટ્રની અને ગુજરાતની અસ્મિતાનું જતન કરીશ.
- હું આધુનિક, સદાચારી અને સ્વાભિમાની ભારતના નિર્માણના કાર્યને મારું જીવનધ્યેય બનાવીશ.
- ગુજરાત ભાજપના પ્રદેશ અધ્યક્ષ માન. શ્રી સી. આર. પાટીલ સાહેબે પોતાના જન્મદિને ફરી કાર્યકર્તાઓને આહ્વાન કર્યું કે ગુજરાતની આગામી વિધાનસભાઓની ચૂંટણીમાં આપણે તમામ ૧૮૨ બેઠકો પર વિજય મેળવવાનો છે.
- અધ્યક્ષશ્રીના આ આહ્વાનને આપણે સ્વીકારી સંકલ્પબદ્ધ બનીએ કે તમામ ૧૮૨ બેઠકો પર ભાજપાને વિજયી બનાવવા હું મારી તમામ શક્તિ કામે લગાડીશ.

**શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં પ્રજાએ વિશ્વાસ મૂકી ભાજપને શાસન સોંપ્યું**

- ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીમાં ભારતની પ્રજાએ ૨૫ વર્ષો બાદ કોઈ એક પક્ષને પૂર્ણ બહુમતી આપી. ભાજપને ૨૮૩ બેઠકો પ્રાપ્ત થઈ.
- પ્રજાએ પારદર્શકતા, ઝડપી વિકાસ, સુશાસન અને નિર્ણાયક પરિવર્તન માટે મૂલ્ય અને વિચારધારાને વરેલા પક્ષ ભાજપને અને તેના સમર્થને શ્રી નરેન્દ્રભાઈ મોદીમાં વિશ્વાસ મૂકી ચૂંટ્યા.
- ૨૦૧૪ અને ત્યાર બાદ ફરી ૨૦૧૯માં પ્રજાએ ભાજપને જંગી બહુમતી આપી. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભાજપની સરકારે સર્વસમાવેશી વિકાસ તમામ ક્ષેત્રોમાં સાધ્યો છે. સરકારનાં કાર્યોની અગણિત સિદ્ધિઓ અને ઉપલબ્ધિઓ છે. આજે આપણે તેની આછેરી ઝલક નિહાળીએ.
- વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી કેબિનેટની પ્રથમ બેઠકમાં જ કર્તવ્યની ભૂમિકામાં આવી ગયા. બધા પ્રધાનોને સુશાસન માટે ૧૦ મંત્ર આપ્યા અને આગામી ૧૦૦ દિવસનો એજન્ડા પણ માગી લીધો.
- 'મિનિમમ ગવર્નમેન્ટ અને મેક્સિમમ ગવર્નન્સ'ના ધ્યેય સાથે કામ કરવાનું નક્કી કર્યું.
- અધિકારીગણને કામની આઝાદી અને નવા વિચારોને પ્રોત્સાહન.
- શિક્ષણ, આરોગ્ય, પાણી, ઊર્જા, રસ્તાઓ ઉપરના કામ માટે ભાર મુકાયો.
- આર્થિક ચિંતા દૂર કરવા ઉપર ભાર અને મોંઘવારી દૂર કરવા અને કિંમતો ઘટાડવાના પ્રયાસો તેજ કરાયા.
- ભાજપા સરકાર ગરીબો, ખેડૂતો અને મજદૂરોની સરકાર છે. દસ મહિનાથી ઓછા સમયમાં ૧૨ કરોડથી વધુ ગરીબ પરિવારોનાં બેંક ખાતાં આપણી સરકારે ખોલ્યાં છે.
- રસોઈ માટેના ગેસમાં અપાતી સરકારી સબસિડીને સાડા આઠ કરોડ પરિવારના બેંક ખાતામાં સીધી જ જમા કરવાની પ્રક્રિયાએ દુનિયામાં સૌથી મોટો નાણાકીય હસ્તાંતરનો કાર્યક્રમ. સબસિડીના માધ્યમથી ચાલતા ગોટાળા અને હેરાફેરીને રોકવાનું ઐતિહાસિક પગલું.
- ભાજપા સરકારે વર્ષમાં માત્ર ૧૨ રૂપિયામાં એટલે કે મહિનામાં માત્ર ૧ રૂપિયામાં ૨,૦૦,૦૦૦ રૂપિયાનો દુર્ઘટના વીમો દેશના સૌ કોઈ નાગરિક કે જેમની ઉંમર ૧૮ વર્ષથી ૭૦ વર્ષ સુધીની હોય તેઓને સુરક્ષા કવચ આપી દીધું.
- આ 'પ્રધાનમંત્રી સુરક્ષા વીમા



યોજના' અંતર્ગત વીમામાં દુર્ઘટના પ્રેરિત સ્થાયી વિકલાંગતા પણ સામેલ કરવામાં આવી છે.

- ભાજપા સરકારે અન્ય એક યોજના કે જે 'પ્રધાનમંત્રી જીવન જ્યોત વીમા યોજના' તરીકે પ્રચલિત છે, તેમાં સર્વ બચત બેંકધારકો કે જેમની ઉંમર ૧૮ થી ૫૦ વર્ષની છે, તેઓએ વર્ષમાં માત્ર ૩૩૦ રૂપિયા પ્રીમિયમ ભરવાનું રહેશે અને તેઓનો રૂા. ૨,૦૦,૦૦૦ રૂપિયાનો જીવન વીમો ઊતરી જશે.
- આ ભાજપા સરકારે કિસાન કલ્યાણ અંગે પણ ઘણું કાર્ય કર્યું છે. વિશ્વ વ્યાપાર સંગઠન(ડબલ્યુ. ટી.ઓ.) સાથે લડાઈ લડી ભારતના ખેડૂતોનાં હિતોનું રક્ષણ કર્યું છે.
- ભાજપા સરકારે સોઈલ હેલ્થ કાર્ડ અને પ્રધાનમંત્રી સિંચાઈ યોજનાઓ પણ શરૂ કરી.
- ભાજપા સરકારે મજદૂરો માટે પણ કલ્યાણકારી યોજનાઓ શરૂ કરી છે.
- આદિવાસી વિસ્તારના ભાઈઓ માટે વનબંધુ યોજના શરૂ કરવામાં આવી.
- 'બેટી બચાવો, દેશ બચાવો' સૂત્રને સાર્થક કરવા સુકન્યા સમૃદ્ધિ યોજના શરૂ કરવામાં આવી.
- સ્વરોજગારને વધારવા માટે શ્રી નરેન્દ્રભાઈ મોદી સરકારે મુદ્રા બેંક યોજના શરૂ કરી છે. કોઈ યુવક પોતાનો નાનકડો ધંધો શરૂ કરવા ચાહશે તો તે પાંચ હજારથી લઈને દસ લાખ રૂપિયા સુધીની લોન લઈ શકશે.
- અટલ પેન્શન યોજના અંતર્ગત ખેડૂતો, મજદૂરો અને ગરીબોને પણ પેન્શન યોજનામાં લાભ મળશે.
- ભાજપા સરકારે 'જીવન પ્રમાણ યોજના' શરૂ કરી. બચત યોજનાઓમાં દાવા વગરના પડેલા પૈસાનો ઉપયોગ વરિષ્ઠ નાગરિકોને નાણાકીય મદદ આપવા માટે જાહેરાત કરી.
- હિન્દુઓની આસ્થાનું પ્રતીક ગંગામાતાના શુદ્ધીકરણ માટે ભાજપા સરકારે અલગ મંત્રાલય બનાવ્યું.
- ભાજપા સરકારની 'સૌથી ઊડીને આંખે વળગે' એવી નીતિ કોઈ રહી હોય તે તે વિદેશનીતિ બની રહી છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના અમેરિકા, જાપાન તથા ઓસ્ટ્રેલિયાના પ્રવાસ દરમિયાન ભવ્ય સ્વાગતથી દુનિયાભરમાં ભારતીયોનું મસ્તક ગર્વથી ઊંચું થયું છે.
- બાંગ્લાદેશ સાથેના ૪૧ વર્ષ જૂના સરહદના વિવાદનો ઉકેલ.
- કોંગ્રેસના કુ-શાસનમાં મોંઘવારીથી પિસાતી જનતાનો મોંઘવારીમાંથી છુટકારો કરવા ભાજપા સરકારે રોજકોષીય અને વહીવટી ઉપાયો કર્યા
- ભ્રષ્ટાચારને ખતમ કરવા ભાજપા સરકારે ઈન્ફર્મેશન ટેક્નોલોજી આધારિત પારદર્શક તંત્ર બનાવવા પર ભાર મૂકયો છે. ભ્રષ્ટાચાર દૂર કરવા માટે ઈ-ક્રાંતિ પરિયોજનાની શરૂઆત કરી છે.
- ભાજપા સરકારે ૧૦૦ નવાં સ્માર્ટ શહેરો બનાવવાનું સુંદર આયોજન ઘડી કાઢ્યું છે. ૧૦૦ શહેરો નિશ્ચિત કરાયાં છે.
- શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્વચ્છ ભારત અભિયાનની શરૂઆત કરી છે. દેશમાં આજે સ્વચ્છતા એક આંદોલન બની ગયું છે.
- સરકારે રાષ્ટ્રીય ન્યાયિક નિયુક્તિ આયોગ ખરડો ૨૦૧૪ સંસદમાં પસાર કરી, ન્યાયિક નિમણૂકોમાં પારદર્શકતા તથા ઝડપ લાવવા પ્રયત્ન કર્યો.
- વડાપ્રધાને પ્રધાનમંત્રી સાંસદ આદર્શ ગ્રામ યોજના શરૂ કરી.
- ઘર ઘર શૌચાલયના અભિયાન હેઠળ અત્યાર સુધીમાં આશરે ૫૦ લાખ શૌચાલયો બની ગયાં છે.
- શહેરી વિસ્તારોની સાથે સાથે ગ્રામીણ વિસ્તારમાં પણ ઉદ્યોગ સાહસિકતાને મહત્ત્વ અપાયું.
- રાઈટ ટુ એજ્યુકેશન, રાઈટ ટુ ફૂડ અને સિક્યુરિટી એક્ટનો અસરકારક અમલ.
- દરેક યોજનાની સમયમર્યાદા નક્કી કરવા ભાર મૂકયો.
- દેશભરમાં ૨૪ કલાક વીજળી મળી રહે તે વચનને પૂર્ણ કરવા માટે શ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકારે ૪૩,૦૦૦ કરોડ રૂપિયાની 'દીનદયાળ ઉપાધ્યાય ગ્રામ જ્યોતિ' યોજનાને મંજૂરી આપી.

### મર્દાના નેતૃત્વના મર્દાનગીભર્યા નિર્ણયો

- કેન્દ્રમાં જ્યારથી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળની ભાજપ સરકાર આવી છે ત્યારથી રાષ્ટ્રની સુરક્ષા, સલામતીને અગ્રીમતા



આપવામાં આવી રહી છે.

- કોઈપણ પ્રકારની આતંકવાદી પ્રવૃત્તિ અને આતંકવાદીઓને નાથવા કટિબદ્ધ.
- ભાજપે તેના ચૂંટણી ઢંઢેરામાં ધારા ૩૭૦ હટાવવાનું વચન આપ્યું હતું. ૭૦ વર્ષ જૂની સમસ્યા શાસનમાં આવતાં ૭૦ દિવસમાં હલ કરી, ધારા ૩૭૦ દૂર કરી, જમ્મુ-કાશ્મીરને દેશના મુખ્ય પ્રવાહમાં ભેળવવાનું મહત્ત્વનું કામ કર્યું.
- કોંગ્રેસની અવળચંડાઈ વચ્ચે, ઘણા બધા વિવાદો વચ્ચે આખરે મોદી સરકારે મુસ્લિમ મહિલાઓના સ્વમાન, સલામતી અને હક્ક માટે મહત્ત્વપૂર્ણ તીન તલાક બીલ પાસ કર્યું.
- આતંકવાદ પર સિકંજો કસવા મોદી સરકારે યુ.એ.પી. બિલ પાસ કર્યું. યુ.એ.પી.એ. એક્ટ હેઠળ માત્ર ગોળી ચલાવનાર જ આતંકવાદી નથી પણ વિચારો અને સાહિત્ય દ્વારા આતંકવાદનો પ્રચાર કરનાર પણ આંતકવાદી જ છે. આ બીલ દ્વારા તેના પર પણ કાર્યવાહી ચલાવાશે.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહની દૂરંદેશીથી ધી સિટિઝનશીપ એક્ટ, (સી.એ.એ.) પસાર કરાવી, એક હિંમતભર્યો અને ઐતિહાસિક નિર્ણય લીધો.
- આઝાદી બાદ પ્રથમ વખત સંરક્ષણ સુધારાના ભાગરૂપે 'ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ' (સીડીએસ)ના હોદ્દા પર વરણી કરવામાં આવી.
- આર્મી, નેવી અને એરફોર્સ ત્રણેય પાંખો વચ્ચે સમન્વય ઊભો કરવા સીડીએસ વિભાગ ઊભો કરવાનું સૂચન વર્ષોથી પડતર હતું. મોદી સરકારે તાત્કાલિક નિર્ણય લઈ પ્રથમ સીડીએસ તરીકે જનરલ બિપીન રાવતની નિમણૂક કરી.

## જનસંઘથી ભાજપાનો સંસદીય ઇતિહાસ

| જનસંઘ | વર્ષ | બેઠકો |
|---|---|---|
| | ૧૯૫૨ | ૩ |
| | ૧૯૫૭ | ૪ |
| | ૧૯૬૨ | ૧૪ |
| | ૧૯૬૭ | ૩૫ |
| | ૧૯૭૧ | ૨૨ |
| | ૧૯૭૭ | ૯૦ |

(૧૯૭૭માં જનસંઘનું જનતા મોરચામાં વિલીનીકરણ થઈ ગયું, પણ જનતા મોરચામાં જનસંઘ પ્રેરિત ૯૦ ઉમેદવારો વિજેતા થયા હતા.)

| ભાજપ | વર્ષ | બેઠકો |
|---|---|---|
| | ૧૯૮૦ | ૩૧ |
| | ૧૯૮૪ | ૨ |
| | ૧૯૮૯ | ૯૬ |
| | ૧૯૯૧ | ૧૨૭ |
| | ૧૯૯૬ | ૧૬૧ |
| | ૧૯૯૮ | ૧૮૨ |
| | ૧૯૯૯ | ૧૮૨ |
| | ૨૦૦૪ | ૧૩૮ |
| | ૨૦૦૯ | ૧૧૬ |
| | ૨૦૧૪ | ૨૮૨ |
| | ૨૦૧૯ | ૩૦૩ |

## ભારતીય જનતા પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રીઓ

(૧) **શ્રી અટલ બિહારી વાજપેયી**
(સ્થાપક અધ્યક્ષ)
૧૯૮૦ થી ૧૯૮૬

(૨) **શ્રી લાલકૃષ્ણ અડવાણી**
૧૯૮૬ થી ૧૯૯૦

(૩) **શ્રી મુરલી મનોહર જોશી**
૧૯૯૦ થી ૧૯૯૨

(૪) **શ્રી લાલકૃષ્ણ અડવાણી**
૧૯૯૨ થી ૧૯૯૮

(૫) **શ્રી કુશાભાઉ ઠાકરે**
૧૯૯૮ થી ૨૦૦૦

(૬) **શ્રી બાંગારૂ લક્ષ્મણ**
૨૦૦૦ થી ૨૦૦૧

(૭) **શ્રી કે. જનાકૃષ્ણ મૂર્તિ**
૨૦૦૧ થી ૨૦૦૨

(૮) **શ્રી એમ. વેંકયાનાયડુ**
૨૦૦૨ થી ૨૦૦૪

(૯) **શ્રી લાલકૃષ્ણ અડવાણી**
૨૦૦૪ થી ૨૦૦૫

(૧૦) **શ્રી રાજનાથ સિંહ**
૨૦૦૫ થી ૨૦૦૯

(૧૧) **શ્રી નીતિન ગડકરી**
૨૦૦૯ થી ૨૦૧૩

(૧૨) **શ્રી રાજનાથ સિંહ**
૨૦૧૩ થી ૨૦૧૪

(૧૩) **શ્રી અમિતભાઈ શાહ**
૨૦૧૪ થી ૨૦૨૦

(૧૪) **શ્રી જે. પી. નડ્ડા**
જાન્યુઆરી ૨૦૨૦થી

## ભાજપ શાસનમાં ગુજરાત વિકાસનો સુવર્ણકાળ

સન ૧૯૯૦માં ભાજપાને ૬૭ સીટો મળતાં શ્રી ચીમનભાઈ પટેલની જનતાદળ સાથે ગઠબંધનની સરકારમાં ભાગીદારી કરી ત્યારે ભાજપને ૨૭ ટકા મતો મળેલા. ત્યાર પછીની ૧૯૯૫ની રાજ્યની ચૂંટણીમાં ભાજપને ૧૨૧ બેઠકો મળતાં શ્રી કેશુભાઈ પટેલના મુખ્યમંત્રી પદ હેઠળ રાજ્યમાં ભાજપે શાસનની ધુરા સંભાળી હતી.



શ્રી કેશુભાઈ પટેલના શાસનકાળમાં ગુજરાતે વિકાસની હરણફાળ ભરી હતી. આ પાંચ વર્ષો દરમિયાન જ ગુજરાતમાં સતત ત્રણ વર્ષ અછતનાં, એક ભયંકર વાવાઝોડું અને સૌથી મોટો કચ્છનો ભૂકંપ આવેલ પરંતુ ભાજપા શાસનના શ્રેષ્ઠ ડિઝાસ્ટર મેનેજમેન્ટને કારણે રાજ્ય ઝડપભેર ઉભું થઈ ગયું.

## શ્રી કેશુભાઈ પટેલના નેતૃત્વ હેઠળના ભાજપા શાસનમાં ગુજરાત વિકાસ

**શ્રી કેશુભાઈ પટેલના નેતૃત્વ હેઠળના ભાજપા શાસનના મહત્ત્વનાં સીમાચિહ્નરૂપ કાર્યો :**

- ૧૪મી માર્ચ ૧૯૯૫ એ પહેલીવાર ગુજરાતની ધુરા સંભાળનાર શ્રી કેશુભાઈ પટેલે ગુજરાત વિધાનસભામાં નર્મદા યોજના અંગે પોતે ઠરાવ મૂકયો હતો, જે ૩૧-૦૩-૧૯૯૫ એ વિધાનસભાએ સર્વાનુમતે પસાર કરી ઇતિહાસ રચ્યો હતો.
- ગુજરાતમાં સતત બીજા વર્ષે અછતની વિકટ કુદરતી આપત્તિના પડકારને પહોંચી વળવા શ્રી કેશુભાઈ પટેલની કેન્દ્ર સરકારમાં રૂા. ૩૦૦ કરોડની તાત્કાલિક રકમની માંગણીનો સ્વીકાર થયો. ઉપરાંત સરકારને મળવાપાત્ર રોયલ્ટીના હિસ્સામાંથી ૨૮૦ કરોડ એડવાન્સ પેટે માંગણી કરતાં તે પણ મંજૂર થયા. આમ ગુજરાતને અછતની પરિસ્થિતિમાં કેશુભાઈના સફળ નેતૃત્વના કારણે ઘણી રાહત મળી.
- શ્રી કેશુભાઈ પટેલની ભાજપા સરકારે 'વિઝન ૨૦૧૦'નો દસ વર્ષીય કાર્યક્રમ બનાવ્યો હતો. જેમાં શિક્ષણ, આરોગ્ય, આવાસ, પર્યાવરણ, પીવાના પાણીની સવલત, રોજગારી વગેરે જીવનજરૂરી તમામ વ્યવસ્થાઓનું આયોજન વિચારાયું. આના માટે કુલ ૪૮૩૧૩ કરોડ રૂપિયાની જરૂરિયાતનું આયોજન થયું.
- શ્રી કેશુભાઈ પટેલ સરકારની સૌથી આકર્ષક યોજના ગોકુળગ્રામ યોજના હતી. રાજયનું પ્રત્યેક ગામ સુવિધાયુક્ત, સુંદર, સ્વચ્છ અને ગોકુળિયું બને તે દિશામાં સરકારે સઘન કામગીરી આરંભી હતી.

## શ્રી નરેન્દ્રભાઈ મોદીના મુખ્યમંત્રી પદ હેઠળ ગુજરાતના વિકાસનો સુવર્ણકાળ

**મે-૨૦૦૧ થી મે-૨૦૧૪ સુધી શ્રી નરેન્દ્રભાઈ મોદીના મુખ્યમંત્રી પદ હેઠળ ગુજરાત વિકાસયાત્રાની ઝલક**

- જ્યોતિગ્રામ, રસ્તાઓનું નિર્માણ, નર્મદા ડેમ કેનાલ, ચેકડેમો, સુજલામ્ - સુફલામ્, ખેતતલાવડી - બોરીબંધ
- યુનિવર્સિટી, પેટ્રોલિયમ યુનિવર્સિટી, ચિલ્ડ્રન યુનિવર્સિટી, રક્ષાશક્તિ યુનિવર્સિટી, કામધેનુ યુનિવર્સિટી
- કન્યા કેળવણી, ચિરંજીવી યોજના
- ૧૦૮ આરોગ્ય સેવા
- ઈ-ધરા, ઈ-ગ્રામ, નિર્મલગ્રામ એવોર્ડ, સ્વાગત ઓન લાઇન
- જીસ્વાન
- બીઆરટીએસ
- સોલાર પાર્ક
- ગેસ
- સાબરમતી રીવરફ્રન્ટ
- ગેસગ્રીડ
- એનિમલ હોસ્ટેલ
- રૂની નિકાસ
- ગુટકા મુક્તિ
- બેટી વધાવો
- સેઝ, શાળા પ્રવેશોત્સવ - ગુણોત્સવ
- નિ:શુલ્ક બસ મુસાફરી
- રોજગારી વિ. યોજનાઓ દ્વારા ગુજરાતનો સર્વાંગી વિકાસ કરેલ છે.

## જનસંઘ-ગુજરાત પ્રદેશના અધ્યક્ષો

(૧) મોહનદાસ કેદારનાથ દીક્ષિત - સુરત
(૨) હરિપ્રસાદ સંકલેવર પંડ્યા
(૩) હરિસિંહ હકુભા ગોહિલ - ભાવનગર
(૪) દેવદત્તભાઈ કીકાભાઈ - મહુવા

## ભાજપ ગુજરાત પ્રદેશના અધ્યક્ષો

(૧) કેશુભાઈ પટેલ
(૨) મકરંદભાઈ દેસાઈ
(૩) ડૉ. એ. કે. પટેલ
(૪) કાશીરામ રાણા
(૫) શંકરસિંહ વાઘેલા
(૬) કાશીરામ રાણા
(૭) વજુભાઈ વાળા
(૮) રાજેન્દ્રસિંહ રાણા
(૯) વજુભાઈ વાળા
(૧૦) પરસોત્તમભાઈ રૂપાલા
(૧૧) આર. સી. ફળદુ
(૧૨) વિજયભાઈ રૂપાણી
(૧૩) જીતુભાઈ વાઘાણી
(૧૪) સી.આર. પાટીલ



# અંગ્રેજોએ ભારતીયોની એકત્વની મૂળ ભાવના પર પ્રહાર કરી માતૃભૂમિ સાથેના આપણા ભાવનાત્મક અને આધ્યાત્મિક સંબંધને દુર્બળ કરવાનું કાવતરું ઘડ્યું હતું - દત્તાત્રેય હોસબલેજી

ભારત દેશ આઝાદીનો અમૃત મહોત્સવ ઊજવી રહ્યો છે. આઝાદીનું આંદોલન સાર્વત્રિક અને સર્વસમાવેશક હતું. સ્વામી દયાનંદ સરસ્વતી, સ્વામી વિવેકાનંદ, મહર્ષિ અરવિંદ વગેરેના આધ્યાત્મિક નેતૃત્વએ જનતા અને જનનાયકોને બ્રિટિશ સત્તાની વિરુદ્ધ પ્રબળ વિરોધ પ્રતિરોધ માટે પ્રેરિત કર્યા. મહિલાઓ, જનજાતિય સમાજ તથા કલા, સંસ્કૃતિ, સાહિત્ય, વિજ્ઞાન સહિત રાષ્ટ્રજીવનના બધા જ આયામોમાં સ્વાધીનતાની ચેતના જાગૃત થઈ. લાલ, બાલ, પાલ, મહાત્મા ગાંધી, વીર સાવરકર, નેતાજી સુભાષચંદ્ર બોઝ, ચંદ્રશેખર આઝાદ, ભગતસિંહ, વેલુ નાચીયાર, રાની ગાઈદિનલ્યું જેવા જાણીતા અને અજાણ્યા સ્વાતંત્ર્ય સેનાનીઓએ આત્મસન્માન અને રાષ્ટ્રભાવને પ્રબળ બનાવ્યાં. પ્રખર દેશભક્ત ડૉક્ટર હેડગેવારજીના નેતૃત્વમાં સ્વયંસેવકોએ પણ પોતાની ભૂમિકાનું વહન કર્યું.

કર્ણાવતીમાં આયોજિત રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની અખિલ ભારતીય પ્રતિનિધિ સભાની બેઠકના અવસર પર આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે સરકાર્યવાહ દત્તાત્રેય હોસબલેજીએ એક નિવેદન જારી કર્યું છે. તેમણે કહ્યું કે આ અવસર શતાબ્દીઓ સુધી ચાલેલા ઐતિહાસિક સ્વતંત્રતા સંગ્રામનુ પ્રતિફળ અને આપણા વીર સેનાનીઓના ત્યાગ અને સમર્પણનું ઉજ્જવળ પ્રતીક છે. સ્વતંત્રતા આંદોલનની સૌથી મોટી વિશેષતા એ હતી કે એ ફક્ત રાજકીય નહીં પણ રાષ્ટ્ર જીવનના તમામ આયામો અને સમાજના બધા જ વર્ગોના સહભાગથી થયેલું સામાજિક-સાંસ્કૃતિક આંદોલન હતું. આ સ્વતંત્રતા આંદોલનને રાષ્ટ્રના મૂળ અધિષ્ઠાન એટલે કે રાષ્ટ્રીય 'સ્વ'ને ઉજાગર કરવાના નિરંતર પ્રયાસના રૂપમાં જોવું પ્રાસંગિક બની રહેશે. સરકાર્યવાહજીએ પોતાના વક્તવ્યમાં કહ્યું કે અંગ્રેજોએ ભારતીયોની એકત્વની મૂળ ભાવના પર પ્રહાર કરી માતૃભૂમિ સાથેના આપણા ભાવનાત્મક અને આધ્યાત્મિક સંબંધને દુર્બળ કરવાનું કાવતરું ઘડ્યું હતું. તેમણે આપણી સ્વદેશી અર્થવ્યવસ્થા, રાજકીય વ્યવસ્થા, આસ્થા, વિશ્વાસ અને શિક્ષણ પદ્ધતિ પર પ્રહાર કરીને સ્વ-આધારિત તંત્રને હંમેશને માટે ખતમ કરવાનો પણ પ્રયાસ કર્યો.

ભારતના સ્વતંત્રતા આંદોલનમાં ઉપરોક્ત કારણોથી 'સ્વ'ની પ્રેરણા ક્રમશઃ ક્ષીણ થતી ગઈ, પરિણામે દેશને વિભાજનની વિભીષિકા ભોગવવી પડી. સ્વતંત્રતા પછી આ 'સ્વ'ની ભાવનાને રાષ્ટ્રજીવનનાં બધાં જ ક્ષેત્રોમાં અભિવ્યક્ત કરવાનો સુઅવસર કેટલો શક્ય થયો તેનું આકલન કરવાનો આ યોગ્ય સમય છે.

તેમણે કહ્યું કે સ્વાધીનતાની ૭૫મી વર્ષગાંઠ ભારતીય સમાજને એક રાષ્ટ્રના રૂપમાં સૂત્રબદ્ધ રાખવા અને રાષ્ટ્રને ભવિષ્યનાં સંકટોથી સુરક્ષિત રાખવા માટે 'સ્વ' પર આધારિત જીવનદષ્ટિના દૃઢ સંકલ્પ સાથે પુનઃ સ્થાપિત કરવાની દિશામાં પૂર્ણ પ્રતિબદ્ધ થવાનો અવસર ઉપલબ્ધ કરાવે છે.

આઝાદીના અમૃત મહોત્સવના અવસર પર એ જરૂરી છે કે વિદ્યાર્થીઓ અને યુવાનોને જોડીને, ભારત કેન્દ્રિત શિક્ષણ નીતિનું અસરકારક અમલીકરણ કરીને, ભારતને એક  જ્ઞાન સંપન્ન સમાજના રૂપમાં વિકસિત અને સ્થાપિત કરવામાં આવે તેમજ ભારતને વિશ્વગુરુની ભૂમિકા નિભાવવા માટે સમર્થ બનાવવામાં આવે. આઝાદીના અમૃત મહોત્સવ અવસર પર આપણે આપણા 'સ્વ'ના પુનઃઅનુસંધાનનો સંકલ્પ લેવો જોઈએ.



## આત્મનિર્ભર, સંપન્ન અને મજબૂત રાષ્ટ્રના નિર્માણ માટે આપણે દરેક યુવાનમાં દેશપ્રેમની જ્યોત પ્રગટાવવી પડશે - મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ




શહીદ દિન નિમિત્તે અમદાવાદના ખાતે શહીદ વીરોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા આયોજિત વીરાંજલિ કાર્યક્રમમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કહ્યું કે, આત્મનિર્ભર, સંપન્ન અને મજબૂત રાષ્ટ્રના નિર્માણ માટે આપણે યુવાનોમાં દેશપ્રેમની જ્યોત પ્રગટાવવી પડશે અને આવા વીરાંજલિ કાર્યક્રમો એ જ્યોત પ્રજ્વલિત કરવાના પ્રેરણાસ્રોત બનશે એમ તેમણે ઉમેર્યું હતું.

શહીદ દિન નિમિત્તે આયોજિત આ વીરાંજલિ કાર્યક્રમ માતૃભૂમિ માટે બલિદાન આપનારા એવા વીર સપૂતોની વંદનાનો અવસર છે એમ તેમણે સ્પષ્ટપણે જણાવ્યું હતું. આ અવસરે શ્રી ભૂપેન્દ્રભાઈએ કહ્યું કે, આપણે સૌ આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં આઝાદીનો અમૃત મહોત્સવ ઊજવી રહ્યા છીએ ત્યારે આ આઝાદીનું વટવૃક્ષ સિંચવામાં પોતાના પ્રાણ ન્યોછાવર કરનારા વીર સપૂતોના સ્મરણ સાથે એમની શહાદત એળે ન જાય તે માટે દેશ માટે કર્તવ્યરત થવા આ વીરાંજલિ કાર્યક્રમ આપણને પ્રેરણા આપી રહ્યો છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, અગાઉ તો દેશ પ્રેમના નામ પર એક જ પરિવારનાં ગુણગાન ગવાતાં હતાં. દેશ માટે બલિદાન આપનારા અનેક શૂરવીરોનાં નામ ઈતિહાસમાંથી ભૂંસી દેવાના ષડયંત્રો પણ રચાયાં હતાં પણ આપણા લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈએ દેશનુ સુકાન સંભાળતાં જ ભુલાયેલા વીર શહીદોને યોગ્ય સન્માન આપવા વીરાંજલિ કાર્યક્રમો ઉપાડયા છે, જેનું ઉદાહરણ આજે આપણી સામે છે.

છેલ્લાં બાર વર્ષથી ભાજપે આ રીતે શહીદવીરોને વીરાંજલિ આપવાની પ્રણાલી શરૂ કરી છે એ શહીદોને યાદ કરી તેમને યોગ્ય સન્માન અને અંજલિ આપવાના પ્રયાસ છે એમ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ શહીદોને યાદ કરતાં કહ્યું કે, ભગતસિંહ- સુખદેવ અને રાજગુરૂ આ ત્રણેય યુવા અને તેજસ્વી હતા. તેમની મહત્વાકાંક્ષાઓ સામાન્ય યુવાનોની જેમ અંગત મોજશોખની ન હતી પણ ભારત માતાને આઝાદ જોવાની તેમની તમન્ના હતી અને તેમની કુરબાનીના પરિણામે જ આજે આપણે આઝાદીની આબોહવામાં જીવી શકીએ છીએ.

## પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ્' ખાતે પ્રદેશ યુવા મોરચાની બેઠક યોજાઈ



### યુવા મોરચાના કાર્યકરો સંગઠનમાં સાથી કાર્યકરો સાથેનો વ્યવહાર અને કામ કરવાની શૈલીથી પાર્ટી તેમને જવાબદારી સોંપતી હોય છે - શ્રી પ્રદીપસિંહ વાઘેલા

પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ્' ખાતે પ્રદેશ યુવા મોરચાની બેઠક પ્રદેશ યુવા મોરચાના અધ્યક્ષશ્રી ડૉ. પ્રશાંતભાઈ કોરાટની અધ્યક્ષતામાં યોજાઈ હતી. આ બેઠકમાં યુવા મોરચાના પ્રદેશ મહામંત્રીશ્રી ડૉ. નરેશભાઈ દેસાઈ, મહામંત્રીશ્રી ઈશાનભાઈ સોની, યુવા મોરચાના રાષ્ટ્રીય કારોબારી સભ્યો, યુવા મોરચાની પ્રદેશની ટીમ, જિલ્લા પ્રમુખ, પ્રભારીશ્રીઓ, યુવા મોરચાના પ્રદેશ કારોબારી સભ્યશ્રીઓ ઉપસ્થિતિ રહ્યા હતા. બેઠકમાં પ્રદેશ મહામંત્રીશ્રી પ્રદીપસિંહ વાઘેલાજીએ જણાવ્યું કે, ભારતીય જનતા પાર્ટીના યુવા મોરચામાં કામ કરી કાર્યકરો રાજકીય કારકિર્દીમાં આગળ વધે છે. યુવા મોરચાના કાર્યકરોમાં દિન-પ્રતિદિન નવા સંગઠનના કામથી યુવા કાર્યકરોમાં રહેલી કામ કરવાની પ્રતિભા ઉજાગર કરવાનો પ્રયત્ન ભાજપા દ્વારા કરવામાં આવે છે. યુવા મોરચાના કાર્યકરો સંગઠનમાં સાથી કાર્યકરો સાથેનો વ્યવહાર અને કામ કરવાની શૈલીથી પાર્ટી તેમને જવાબદારી સોંપતી હોય છે. દરેક યુવા કાર્યકર્તાને પક્ષ દ્વારા જે પણ કાર્ય સોપવામાં આવે તેને જવાબદારી પુર્વક કરવા હાંકલ કરી.



## શિવરામ હરિ રાજગુરુ

**જન્મ : ૨૪-૮-૧૯૦૮ ● અવસાન : ૨૩-૩-૧૯૩૧**

લાલા લજપતરાયની હત્યા માટે જવાબદાર અંગ્રેજ અધિકારી સાંડર્સને મોતને ઘાટ ઉતારવામાં ભગતસિંહ અને ચંદ્રશેખર આઝાદની સાથે રાજગુરુ પણ હતા. હત્યા પછી તેઓ ભગતસિંહના નોકરનો સ્વાંગ રચીને સહીસલામત લાહોર બહાર નીકળી ગયેલા. મહારાષ્ટ્રના પૂના જિલ્લાના ખેડા ગામના વતની રાજગુરુ ક્રાંતિકારી મિત્ર શિવવર્માના સંપર્કમાં આવતાં દેશભક્તિના રંગે રંગાયેલા. પછીથી હિન્દુસ્તાન પ્રજાતંત્ર સંઘના સભ્ય બનેલા. કાનપુરમાં એક ગદ્દારને ઠાર કરવા જતાં ભૂલથી તેમનાથી એક નિર્દોષ માણસની હત્યા થઈ ગયેલી. આ ભૂલ બદલ તેમણે બહુ પસ્તાવો કરેલો. બોમ્બ બનાવવા તથા વિસ્ફોટ કરવામાં તેઓ માહિર હતા. આ હોશિયારીને કારણે જ દળ તરફથી તેમને સાંડર્સની હત્યામાં સામેલ કરવામાં આવેલા. સાંડર્સની હત્યામાં મળેલી સફળતા પછી તેમણે ક્રાંતિકારી મિત્રો શિવ વર્મા અને જયદેવ કપૂર સાથે મળીને વાઈસરોય ઈર્વિનને ખતમ કરવાની યોજના ઘડી કાઢી. દુર્ભાગ્યે તે દિવસે એ ગાડીમાં ઈર્વિનને બદલે બે મહિલાઓ બેઠી હતી. યોજના ત્યાં જ પડતી મૂકી દેવી પડી. દિલ્હીમાં કેન્દ્રીય એસેમ્બલીમાં બોમ્બ વિસ્ફોટ કરવાનું નક્કી થયું ત્યારે ભગતસિંહ સાથે જવાની તેમણે ઈચ્છા વ્યક્ત કરી. પરંતુ દળ તરફથી અંગ્રેજી ભાષાના જાણકાર ક્રાંતિકારી બટુકેશ્વર દત્તને સાથે મોકલવાનો નિર્ણય કરવામાં આવ્યો. દળના આ નિર્ણયથી નારાજ થઈને રાજગુરુ અકોલા જતા રહ્યા, પરંતુ મહારાષ્ટ્રમાં રાજગુરુ શાંત ન બેસી રહ્યા. ત્યાં તેમણે નવી ક્રાંતિકારી પાર્ટી ઊભી કરી. દુર્ભાગ્યે થોડા જ દિવસમાં તેઓ પોલીસને હાથ પકડાઈ ગયા. લાહોરની જેલમાં મોકલી આપવામાં આવ્યા. ક્રાંતિકારી મિત્ર ભગતસિંહ તો એસેમ્બલીમાં બોમ્બ વિસ્ફોટ કરીને ક્યારના અહીં આવી ચૂક્યા હતા. બન્નેનો ફરીને ભેટો થયો. 'દ્વિતીય લાહોર ષડ્યંત્ર'ના નામથી તેમના પર કેસ ચલાવવામાં આવ્યો. જેલના અધિકારીઓના અત્યાચાર સામે બધા ક્રાંતિકારીઓ ઉપવાસ ઉપર ઊતર્યા. રાજગુરુ મરણિયા બન્યા. અંતે ભગતસિંહે વચ્ચે પડવું પડ્યું. ભગતસિંહે એમને પોતાના હાથે દૂધ પિવડાવ્યું ત્યારે જ તેમણે પારણાં કર્યાં. એક દિવસ ભગતસિંહ આ બાબતે એમને પૂછી બેઠા 'તું કેમ મારા પહેલાં દુનિયા છોડવા મરણિયો બનેલો ?' જવાબમાં રાજગુરુએ કહ્યું : ''આ દુનિયામાં તો મેં તારા નોકરની ભૂમિકા ભજવેલી. પેલી દુનિયામાં પણ હું તારો નોકર બનીને તારા પહેલાં ત્યાં જઈ એક રૂમ નોંધાવવા માગું છું.'' જેલમાં રહ્યા ત્યાં સુધી તેમની વચ્ચે કોણ પહેલો શહીદ થાય તેની સ્પર્ધા થતી રહી. આખરે એ દિવસ આવી ગયો. તેમને સાથે જ ફાંસીની સજા સંભળાવવામાં આવી. તેમની એક બાજુ ભગતસિંહ અને બીજી બાજુ સુખદેવ... ત્રણે ક્રાંતિકારીઓ એકીસાથે હસતે મોઢે ફાંસીના ગાળિયે લટકી ગયા.

REGD. NO. GAMC 563/ 2021-23 VALID UP TO 31-12-2023 RNI NO. 38397/81 MANOGAT LICENCED TO POST WITHOUT PREPAYMENT NO. PMG/NG/077/2021-23 VALID UP TO 31-12-2023 PUBLISHED ON 10th & 25th OF EVERY MONTH AND PERMITTED AT PSO PATRIKA CHANNEL, AHMEDABAD-2 ON EVERY 12/13/14 & 27/28/29 THE Ev

# જય શ્રી રામ જય શ્રી રામ - નરેન્દ્રભાઈને જય શ્રી રામ







હાઈવે પર રોડશો ગુજરાત જ કરી શકે

એ પણ વિવિધતા સાથે કરવામાં આવ્યો

આયોજન, મહેનત, જવાબદારીપૂર્વક
અને ઊર્જાની જરા પણ ઓટ નહીં

ભારે તડકો છતાં મોટી સંખ્યામાં
બહેનો હાજર રહ્યાં

બધાને મળવા મળ્યું

જેની સાથે વર્ષો સુધી કામ કર્યું
તેને મળીને આનંદ આનંદ જ થાય

સતત કામ કરવું જોઈએ
ગુજરાતની પ્રકૃતિનો આ હિસ્સો છે

કોરોનાકાળમાં આખા દેશમાં
કાર્યકર્તાઓએ અભૂતપૂર્વ કામ કર્યું છે

કોરોના પછી વિશ્વની સત્તાઓને
તકલીફો પડી છે

આપણે આપત્તિને પણ
લોકસેવાનો અવસર બનાવ્યો

સંગઠનને સતત ચેતનવંતુ જ
રાખવું જોઈએ











**Editor : Publishers :**
Surendrabhai Motilal Patel
on Behalf of
Bharatiya Janta Party-Gujarat Pradesh
Published From
Bharatiya Janta Party-Gujarat Pradesh
J. P. Chowk, Khanpur, Ahmedabad-380001.